RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 222* Date: 09.06.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં નવા ૮૬૪૯૮ કેસ, ૨૧૨૩ના મોત

## ૬૩ દિવસ બાદ દેશમાં કોરોનાના કેસ એક લાખની અંદર



### કોરોનાનો ડેઈલી પોઝિટિવિટી રેટ પણ ૫ ટકા નીચે સરક્યો, ભારતમાં ૫ એપ્રિલના રોજ કોરોનાના એક લાખથી વધુ કેસ નોંધાયા હતા

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં ૬૩ દિવસ બાદ સૌપ્રથમ વખત કોરોનાના કેસ એક લાખથી ઓછા નોંધાયા છે અને દૈનિક પોઝિટિવિટી રેટ ઘટીને ૪.૬૨ ટકા થયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના મતે દેશમાં વિતેલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૮૬,૪૯૮ કેસ નોંધાયા હતા જે છેલ્લા ૬૬ દિવસમાં સૌથી ઓછા છે. આ સાથે જ કોરોનાના કુલ સંક્રમિત કેસોની સંખ્યા ૨,૮૯,૯૬,૪૭૩ પર પહોંચી છે. એક દિવસમાં વધુ ૨,૧૨૩ દર્દીના મોત થયા હતા જે ૪૭ દિવસમાં સૌથી ઓછો આંક રહ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાથી મૃત્યુ પામેલા લોકોનો આંક વધીને ૩,૫૧,૩૦૯ થયો હતો. અગાઉ ૨ એપ્રિલના રોજ કોરોનાના દૈનિક ૮૧,૪૬૬ કેસ નોંધાયા હતા.

કોરોનાનો ડેઈલી પોઝિટિવિટી રેટ સતત ૧૫માં દિવસે ૧૦ ટકા નીચે રહ્યો હતો. દેશમાં કોરોના સામે રાજ્યોએ લાગુ કરેલા કડક પગલાંને લીધે છેલ્લા પખવાડિયામાં નવા સંક્રમણના કેસોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. સાપ્તાહિક પોઝિટિવિટી રેટ પણ ઘટીને ૫.૯૪ ટકા રહ્યો હતો. કોરોના હળવો પડતા દેશમાં સક્રિય કેસો પણ ઘટીને ૧૩,૦૩,૭૦૨ થયો હતો અને રિકવરી રેટ સુધારા સાથે ૯૪.૨૯ પર પહોંચ્યો હતો.

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૯૭,૯૦૭ કેસો ઘટ્યા હતા. સોમવારે ૧૮,૭૩,૪૮૫ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું હતું. અત્યાર સુધીમાં કુલ ૩૬,૮૨,૦૭,૫૯૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. સતત ૨૬માં દિવસે કોરોનાના નવા કેસોની તુલનાએ રિકવર થયેલા દર્દીઓનો આંક વધુ રહ્યો હતો. કોરોના સંક્રમણમાંથી સ્વસ્થ થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૨,૭૩,૪૧,૪૬૨ થઈ છે. કોરોનાથી મૃત્યુનો દર ૧.૨૧ ટકા નોંધાયો હોવાનું મંત્રાલયે જણાવ્યું હતું.

દેશમાં કોરોના રસીકરણ કાર્યક્રમમાં અત્યાર સુધીમાં સરેરાશ ૨૩,૬૧,૯૮,૭૨૬ લોકોને કોરોના રસી આપવામાં આવી છે. દેશમાં વિતેલા ૨૪ કલાકમાં ૨,૧૨૩ દર્દીના મોત થયા હતા જેમાં તામિલનાડુમાં ૩૫૧, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ૩૪૦, કેરળમાં ૨૧૧ અને પશ્ચિમ બંગાળમાં ૧૦૩ દર્દીનો સમાવેશ થાય છે.

ભારતમાં ૫ એપ્રિલના રોજ પહેલીવાર કોરોના વાયરસના એક લાખથી વધુ કેસ નોંધાયા હતા. તે વખતે ૨૪ કલાકમાં ૧ લાખ ૩ હજાર ૮૪૪ નવા કેસ નોંધાયા હતા. આ સાથે જ અમેરિકા બાદ ભારત બીજો એવો દેશ બની ગયો હતો જ્યાં એક જ દિવસમાં કોરોનાના એક લાખથી વધુ કેસ નોંધાયા હતા.

## બ્રિટન અને બ્રાઝિલથી આવેલા લોકોમાં B.1.1.28.2 સ્ટ્રેન જોવા મળ્યો

પૂણે,તા.૮

ભારતમાં કોરોનાની કંટ્રોલ થતી સ્થિતિ વચ્ચે ડરામણા સમાચાર સામે આવી રહ્યા છે. પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ વાયરોલોજીએ કોરોના વાયરસની જીનોમ સિક્વન્સિંગમાં નવા વેરિયન્ટને શોધ્યો છે. રિપોર્ટ પ્રમાણે આ વેરિયન્ટ બ્રિટન અને બ્રાઝિલથી ભારત આવેલા લોકોમાં જોવા મળ્યો છે. ઈન્સ્ટિટ્યુટે આને બી.૧.૧.૨૮.૨ નામ આપ્યું છે. આ ભારતમાં જોવા મળતા ડેલ્ટા વેરિયન્ટની માફક જ ગંભીર છે. આનાથી સંક્રમિત લોકોમાં કોરોનાના ગંભીર લક્ષણો જોવા મળી શકે છે.

વેરિયન્ટની સ્ટડી બાદ સામે આવ્યું કે આ લોકોને ગંભીર રીતે બીમાર કરી શકે છે. આ વેરિયન્ટની વિરુદ્ધ વેક્સિન અસરદાર છે અથવા નહીં તેના માટે સ્ક્રીનિંગની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે. એનઆઈવીની આ સ્ટડી BioRxivમાં ઑનલાઈન પબ્લિશ થઈ છે. તો આ જ ઈન્સ્ટિટ્યુટની બીજી એક સ્ટડીમાં જોવા મળ્યું કે સ્વદેશી કોરોના વેક્સિન કોવેક્સિન આ વેરિયન્ટ સામે પણ અસરકારક છે અને વેક્સિનના ૨ ડોઝથી જે એન્ટિબોડી બને છે તેનાથી આ વેરિયન્ટને ન્યુટ્રિલાઈઝ કરી શકાય છે.

હેલ્થ એક્સપર્ટ્સનું કહેવું છે કે બી.૧.૨૮.૨ વેરિયન્ટથી સંક્રમિત થવા પર વ્યક્તિનું વજન ઓછું થવા લાગે છે. આના સંક્રમણના ઝડપથી ફેલાવા પર ફેફસા ડેમેજ થઈ જાય છે. આ વેરિયન્ટ ફેફસામાં ઘા અને તેમાં ભારે નુકસાનનું કારણ બની શકે છે. સ્ટડીમાં કોવિડ જીનોમ સર્વિલાન્સની જરૂરિયાત પર ભાર આપવામાં આવ્યો છે, જેથી કોરોનાના નવા-નવા વેરિયન્ટ્સ વિશે જલદીથી જલદી જાણી શકાય. જીનોમ સિક્વન્સિંગ લેબ એવા મ્યુટેન્ટ્સની શોધ કરી રહ્યું છે જે કોરોના સંક્રમણમાં અચાનક આવનારા ઉછાળા પાછળ કારણ હોય છે.

## યુએનના ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ માટે ભારતની પસંદગી કરાઈ

યુએન,તા.૮

ભારત સંયુક્ત રાષ્ટ્રના એક મહત્વના ઓર્ગેન આર્થિક અને સામાજિક પરિષદ (ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ) માટે પસંદ કરવામાં આવ્યુ છે. આ યુએન પ્રમુખ છ ભાગમાંથી એક છે. ભારતને વર્ષ ૨૦૨૨-૨૦૨૪ માટે પસંદ કરવામાં આવ્યો છે. ભારત હવે તેના ૫૪ સભ્યોમાંથી એક છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂત ટીએસ ત્રીમૂર્તિએ તેમાં પસંદગીને લઈને તમામનો આભાર માન્યો છે.

પોતાની એક ટ્વીટમાં તેમણે લખ્યુ છે કે તે તે તમામનો આભાર માને છે જેમણે ભારતના પક્ષમાં વોટ આપ્યો, આ પરિષદ સંયુક્ત રાષ્ટ્રના વિવિધ લક્ષ્યોની પ્રાપ્તિ માટે એક મહત્વની ભૂમિકા ભજવે છે. આ સંયુક્ત રાષ્ટ્રનું એક એવુ કેન્દ્ર છે જ્યા ડિબેટ દ્વારા વિચારોની આપ-લે કરવામાં આવે છે કે આગળ વધવા અને યુએનના લક્ષ્યને પૂર્ણ કરવાનો માર્ગ નક્કી કરવામાં આવે છે. આ સંયુક્ત રાષ્ટ્રની બેઠકો અને સમ્મેલોનો માટે પણ ઉત્તરદાયી હોય છે. સોમવારે યોજાયેલી ચૂંટણીમાં ભારતને આ પરિષદનો સભ્ય એશિયા પ્રશાંત ક્ષેત્ર તરીકે પસંદ કરવામાં આવ્યો છે જેમાં અફઘાનિસ્તાન, કઝાખિસ્તાન અને ઓમાન સામેલ છે. આફ્રિકન દેશોમાંથી મોરેશિયસ, ટ્યૂનેશિયા, તંજાનિયા, એસવાટિની અને કોટ ડી આઈવોરે, પૂર્વી યૂરોપીય દેશમાંથી ક્રોએશિયા, ચેક રિપબ્લિક, દક્ષિણ અમેરિકા અને કેરેબિયન દેશમાંથી બેલ્જી, ચિલી અને પેરૂને તેની માટે પસંદ કરવામાં આવ્યા છે. સોમવારે એક ચૂંટણીમાં જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૨૨ માટે ગ્રીસ, ન્યૂઝીલેન્ડ, ડેનમાર્ક અને ઈઝરાયલને ૧ જાન્યુઆરી ૨૦૨૨થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ સુધી પસંદ કરવામાં આવ્યા છે.

તમને જણાવી દઈએ કે ભારત વર્ષ ૨૦૨૧-૨૨ માટે યૂએન સુરક્ષા પરિષદમાં અસ્થાયી સભ્ય તરીકે પોતાની સેવા આપી રહ્યુ છે. જ્યા સુધી ઈકોસોકની વાત છે તો તમને જણાવી દઈએ કે તેની રચના ૪૫માં કરવામાં આવી હતી.

### મરાઠા અનામત, જીએસટી કલેક્શન સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરાઈ

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઠાકરેએ વડાપ્રધાન મોદી સાથે દિલ્હીમાં મુલાકાત કરી

ન્યુ દિલ્હી,તા.૮

કોરોના મહામારી વચ્ચે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ નવી દિલ્હી ખાતે વડાપ્રધાન સાથે મુલાકાત કરી હતી. ઉદ્ધવ ઠાકરે સાથે મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અજિત પવારે વડાપ્રધાન નિવાસ સ્થાને પહોંચીને વડાપ્રધાન મોદી સાથેની મુલાકાતમાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્ધવ ઠાકરેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કર્યા બાદ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. ઉદ્ધવે જણાવ્યુ હતું કે વડાપ્રધાને અમારા દરેક મુદ્દાને ધ્યાનથી સાંભળ્યા છે અને ગંભીરતા સાથે વિચાર કરવાની વાત જણાવી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યુ હતું કે વડાપ્રધાનન મોદી સાથે મરાઠા અનામત, રાજનીતિક આરક્ષણ, મેટ્રો શેડ, GST કલેકશન,ક્રોપ ઈન્શ્યોરન્સ, સાઈક્લોન સહિતના અન્ય મુદ્દાઓ પર વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરે દ્વારા માંગ કરવામાં આવી હતી કે મરાઠી ભાષાને કેન્દ્ર તરફથી સ્ટેટસ આપવામાં આવે. ઉદ્ધવે જણાવ્યુ હતું કે દરેક વિષયો બાબતે અમે વડાપ્રધાનને પત્ર સોંપ્યો છે.

મોદી સાથે મુલાકાત બાદ ઉદ્ધવ ઠાકરેની અચાનક મુલાકાત બાબતના સવાલ પર તેમણે જણાવ્યુ હતું કે જો તેઓ વડાપ્રધાન સાથે મળવા માંગે છે. તેમાં ખોટું શું છે? તેઓ કોઈ પરવેજ મુશર્રફ કે નવાઝ શરીફ તો નથી. ઉદ્ધવે વધુમાં કહ્યું હતું કે અમે ભલે તેમનાથી અલગ છીએ પરંતુ તેમની સાથે અમારા સંબંધ પહેલા પણ રહ્યા છે.

મરાઠા અનામત મુદ્દે રાજ્ય સરકારના અશોક ચૌહાણે જણાવ્યુ હતું કે આનામત મામલે રાજ્યો કરતાં વધુ શક્તિ કેન્દ્ર પાસે છે, એવામાં કેન્દ્ર સરકારે આ મુદ્દે આગળ આવીને પગલાં ભરવા જોઈએ અને સુપ્રીમ કોર્ટ સમક્ષ તમામનો પક્ષ રાખવો જોઈએ. કોરોનાની મુશ્કેલી હોય કે વેક્સિનેશન બાબત, જીએસટી કલેકશનની વાત હોય કે પછી મરાઠા અનામત પર હાલમાં જ આવેલા સુપ્રીમ કોર્ટના નિર્ણય સહિત બેઠકમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે.

પ્રેસ કોન્ફરન્સમાં ડેપ્યુટી સીએમ અજિત પવારે જણાવ્યુ હતું કે અનામત મુદ્દો માત્ર મહારાષ્ટ્રનો જ નથી, પરંતુ દેશભરનો છે, આ ઉપરાંત જીએસટી બાબતે કહ્યું હતું કે અમારા ૨૪ હજાર કરોડ રૂપિયાનો હિસ્સો અમને મળવાનો બાકી છે, તે વહેલી તકે અમને આપવામાં આવે.

## કોરોના-રસી લેનાર વિમાન પ્રવાસીઓને દેશમાં રાહત મળવાની સંભાવના

ન્યુ દિલ્હી,તા.૮

કેન્દ્ર સરકાર એક એવી યંત્રણા લાગુ કરવા વિશે વિચારી રહી છે જેનાથી કોરોના-પ્રતિરોધક રસીના બંને ડોઝ લેનાર વિમાન પ્રવાસીઓને દેશની અંદર પ્રવાસ કરવા માટે નેગેટિવ આરટી-પીસીઆર રિપોર્ટ સાથે રાખવાની જરૂર નહીં રહે. કેન્દ્રીય નાગરી ઉડ્ડયન મંત્રાલય તથા આરોગ્ય-કુટુંબ કલ્યાણ મંત્રાલયોના અધિકારીઓ આ વિશે હાલ ચર્ચા-વિચારણા કરી રહ્યાં છે. અન્ય સંબંધિત વિભાગોના અધિકારીઓને પણ આ ચર્ચામાં સામેલ કરવામાં આવ્યા છે. હાલ ઓડિશા, મેઘાલય અને મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યો બહારથી આવતા વિમાન પ્રવાસીઓ પાસે કોવિડ-નેગેટિવ રિપોર્ટની માગણી કરે છે. વળી, પ્રવાસીઓનું કોરોના પરીક્ષણ એમણે સફર શરૂ કરી હોય એના ૭૨ કલાકથી વધારે સમય પહેલાનું કરાવેલું હોવું ન જોઈએ. કોરોના રોગચાળાના ફેલાવાને કારણે સ્થાનિક એરલાઈન કંપનીઓને ભારે આર્થિક ખોટ ગઈ છે. એમણે કેન્દ્રીય નાગરી ઉડ્ડયન મંત્રાલયને કહ્યું છે આ પ્રકારના રાજ્ય સ્તરના નિયમોને કારણે વિમાન પ્રવાસ ઉદ્યોગનો વિકાસ રૂંધાય છે. જે પ્રવાસીઓએ રસીના બંને ડોઝ લઈ લીધા હોય એમને કોવિડ-નેગેટિવ રિપોર્ટ સાથે રાખ્યા વગર પણ પ્રવાસ કરવા દેવો જોઈએ.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૬૯૫

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૧૭૭૦૭

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૧૨૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૭૯૩૦૨૮

### નવી વેક્સીન નીતિ જાહેર, ૪૫ વર્ષથી વધુ વયવાળાને પ્રાથમિકતા

## કેન્દ્ર સરકાર રાજ્યોની વસતિ, કોરોના કેસના આધારે રસીના ડોઝ ફાળવશે

ન્યુ દિલ્હી,તા.૮

રાજ્યોને હવે કોરોનાના રસીના ડોઝ ખરીદવામાંથી છૂટકારો આપ્યા બાદ કેન્દ્ર સરકારે વેક્સિનેશન પોલીસની નવી ગાઈડલાઈ જાહેર કરી છે. આ ગાઈડલાઈનમાં કોરોનાના ડોઝની ફાળવણી તેમજ અન્ય બાબતો અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. કેન્દ્રની નવી ગાઈડલાઈન મુજબ રાજ્યોને હવે તેમની વસતિ, કોરોના સંક્રમણના કેસો અને વેક્સિનેશનની કામગીરી મુજબ રસીના ડોઝ ફાળવવામાં આવશે. આ ઉપરાંત જો રાજ્યો દ્વારા વેક્સિનના ડોઝનો બગાડ કરવામાં આવે છે તો વેક્સિન ફાળવણી પર તેની અસર પડી શકે છે.

કેન્દ્ર દ્વારા જાહેર કરાયેલી વેક્સિનેશનની નવી ગાઈડલાઈનનો અમલ ૨૧ જૂનથી થશે.

સરકારે ગાઈડલાઈનમાં જણાવ્યું છે કે ખાનગી હોસ્પિટલોમાં આપવામાં આવતી વેક્સિનની કિંમત કંપનીઓ દ્વારા નક્કી કરવામાં આવશે. ૧૮થી વધુ ઉંમરના લોકો માટે રસીકરણમાં પ્રાથમિકતા ક્યા લોકોને આપવી તે રાજ્યો નક્કી કરી શકે છે. કેન્દ્ર સરકાર રાજ્યોને ફાળવવામાં આવતી કોરોના વેક્સિનની એડવાન્સ માહિતી આપશે. ત્યારબાદ રાજ્યોએ જિલ્લા તંત્રને આ અંગે માહિતી આપવી પડશે. એટલું જ નહીં કેટલા જિલ્લામાં કેટલા ડોઝ આપ્યા તેની વિગતો પણ રાજ્યોએ આપવી પડશે. જિલ્લા તંત્રએ સામાન્ય લોકોને ડોઝ અંગેની માહિતી પુરી પાડવાની રહેશે.

વેક્સિન મેન્યુફેક્ચરિંગ કંપનીઓ ખાનગી હોસ્પિટલને અપાતી રસીની કિંમત નક્કી કરી શકશે. રસી અંગે કોઈપણ બદલાવ કરાશે તો ખાનગી હોસ્પિટલોને તેની જાણ કરવી પડશે. ખાનગી હોસ્પિટલ દ્વારા કોરોના વેક્સિનના એક ડોઝની કિંમત ઉપરાંત રૂ. ૧૫૦ સુધીનો જ સર્વિસ ચાર્જ લઈ શકાશે. ખાનગી હોસ્પિટલ દ્વારા વેક્સિનની યોગ્ય કિંમત વસૂલવામાં આવે છે કે નહીં તેનું ધ્યાન રાજ્ય સરકારને સોંપવામાં આવ્યું છે.

## કોરોના વાયરસની ઉત્પત્તિ અંગે વધુ આંકડા આપવા ચીનને મજબૂર ન કરી શકાય

જિનિવા,તા.૮

કોરોના વાયરસની ઉત્પત્તિ ચીનમાં થઈ કે નહીં તે અંગે હજુ સુધી કોઈ નક્કર પુરાવા સામે નથી આવ્યા. જોકે તમામ નિષ્ણાતો ચીન તરફ જ આંગળી ઉઠાવી રહ્યા છે. ત્યારે આ બધા વચ્ચે વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થાએ કહ્યું છે કે, તે ચીનને વાયરસની ઉત્પત્તિ અંગે વધુ આંકડા ઉપલબ્ધ કરાવવા મજબૂર ન કરી શકે.

ડબલ્યુએચઓના કહેવા પ્રમાણે જોકે તે એ વાત પર ભાર આપતું રહેશે કે, એ મુદ્દે તપાસ ચાલુ રહેવી જોઈએ કે આખરે વાયરસ ક્યાંથી આવ્યો અને આ રીતે વિશ્વમાં ફેલાઈ ગયો.




ચીનથી નીકળીને સમગ્ર વિશ્વમાં તબાહી મચાવનારા કોરોના વાયરસની ઉત્પત્તિ અંગે તપાસમાં લાગેલું અમેરિકા હવે કોઈ પણ સંજોગોમાં ડ્રેગન વિરૂદ્ધ નરમાશ વર્તવાના મૂડમાં નથી. અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકેને કોરોના વાયરસ માટે ચીનને જવાબદાર ઠેરવતા કહ્યું હતું કે, જો કોરોના વાયરસનો ખાત્મો કરવો હોય અને ભવિષ્યમાં આ પ્રકારની મહામારીથી બચવું હોય તો તેના મૂળ સુધી જવું પડશે. જે રીતે તપાસ થવી જોઈએ તે માટે ચીન હજુ સુધી સહયોગ નથી આપી રહ્યું.

કોરોના વાયરસના શરૂઆતના પ્રસારને લઈ આકરો વિવાદ વ્યાપેલો છે. ગત વર્ષે આ વાયરસ જાનવરોમાંથી ફેલાયો હોવાનું માનવામાં આવતું હતું ત્યારે હવે છેલ્લા કેટલાક મહિનાઓથી તે વુહાન લેબથી લીક થયો હોવા અંગે તપાસની માંગ તેજ બની છે.

## તંત્રી સ્થાનેથી...

# આખરે વિશ્વના દેશોના પગલે વેક્સિન-અનાજ સહાયઃ છેવાડાના વિસ્તારોમાં પહોંચાશે.....?

દેશભરમાં આમ પ્રજાને કોરોના વેક્સિન ફ્રી આપવાની વડાપ્રધાનશ્રી મોદીજીએ જાહેરાત કરી તે સાથે દેશના ૮૦ કરોડ લોકોને નવેમ્બર સુધી ફ્રી અનાજ સહાય આપવાની જાહેરાત કરી અને દેશભરમાં આમ પ્રજામાં છવાઈ જવાનો પ્રયાસ કર્યો તેમ મોટા ભાગના લોકોની સવાલી ચર્ચાઓમાથી બહાર આવ્યું છે... કારણ વિશ્વભરમા કોરોનાની પ્રથમ લહેર ત્રાટકી તેને માટે ખરેખર કોણ જવાબદાર હતું તે બાબત સ્વીકારવા કોઈ તૈયાર નથી અને તેને માટે આમ પ્રજા ઉપર દોષનો ટોપલો ઢોળવામાં આવ્યો જેમાં રાજનેતાઓએ અગત્યનો ભાગ ભજવ્યો....! જ્યારે કે લોક ટોળા ભેગા કરનારાઓ, કોઈ પણ સરકારી કે પક્ષના જાહેર કાર્યક્રમોમાં માસ્ક સહિતના કોરોના નિયમોની ઐસી કી તૈલી કરનારાઓની કોઈ જવાબદારી નહીં..... કોરોનાની બીજી લહેર ત્રાટકી તે સમય દરમિયાન હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કઈ હદે ખાડે ગયું હતું તેની પોલ બહાર આવી અને જાહેર થઈ ગઈ....અને તેના કારણે લાખો લોકોના મૃત્યુ થયા..... જેમાં અનેક બાળકો અનાથ થયા, કોઈએ ઘરનો મોભી ગુમાવ્યો, કોઈએ માતા કે પિતા ગુમાવ્યા,કોઈ મહિલાએ પતિ ગુમાવ્યો, કોઈએ ભાઈ ગુમાવ્યો.... ટૂંકમાં મોટાભાગના લોકોએ સ્વજનને ગુમાવ્યા છે. ત્યારે બીજી તરફ લાખો- લાખો લોકોએ નોકરી, રોજગારી કે ધંધા ગુમાવ્યા.... અને ઉપરથી મોંઘવારીનો માર તથા કોરોના મહામારી અને સરકારી તંત્ર દ્વારા આડેધડ નિયમોને આમ પ્રજાને બેહાલ કરી નાખી છે....ત્યારે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જરૂરી રીતે મજબૂત નહિ બનાવવા માટે કોને જવાબદાર ગણવામાં આવશે.....? શું આ બાબત માટે પણ આમ પ્રજાજ જવાબદાર છે....? તેવી સવાલી ચર્ચાઓ જાગૃત લોકો, શિક્ષિતો અને મધ્યમવર્ગ સહિતના લોકોમાં ચાલી રહી છે. છતાંય દેરસે આઈ સહાય....પર આઈ તો સહી... તો પણ મોટા ભાગના લોકોને થોડા અંશે રાહત મળશે. જોકે વિશ્વભરમાં મોટાભાગનાં દેશોએ બીજી લહેર ના બે મહિનામાં જ પોતાના નાગરિકોને ફ્રી મા વેક્સિનેશન આપવાનું શરૂ કરી દીધું હતું,તથા કેશ સહાય કે પછી અનાજ સહીત જે તે દેશના લોકોના ખોરાક અનુસાર જે તે દેશની સરકારોએ સહાય આપવાનું શરૂ કર્યું હતું. ત્યારે આખરે વડાપ્રધાનશ્રીએ વિશ્વના દેશોના રસ્તે જતા જે ફ્રી સહાયની જાહેરાત કરી તેનાથી લોકોને રાહત જરૂર મળશે....!

દેશભરમાં કોરોના કેસો ઘટી જતા તમામ પ્રકારના વેપાર-ધંધા, ઉદ્યોગોને મોટા પ્રમાણમાં છૂટછાટો આપી દેવામાં આવી છે, તથા પબ્લિક ટ્રાન્સપોર્ટને પણ મર્યાદિત છૂટછાટો સહિથ કોરોના નિયમોનું પાલન કરવા સાથે આપી છે. જેના કારણે લોકોને ઘણી મોટી રાહત થઈ છે - હાશકારો થયો છે. પરંતુ લાખો ખાનગી નોકરિયાતોમા પગાર કાપ આવી ગયો છે.મધ્યમ વર્ગ ગરીબી રેખા તરફ ધકેલાઈ ગયો છે.કરોડો લોકોએ નોકરી,ધંધા,રોજગાર ગુમાવ્યા છે ત્યારે સરકારે આવી બાબત તરફ વિશેષ ધ્યાન આપવું જરૂરી છે... કારણ લોકોમાં ચૂંટણી સમય દરમિયાન ભાજપ નેતા ગણે અનેક અપેક્ષાઓ ઊભી કરેલી હતી. તેમાં હાલના સમયમાં આમ પ્રજાને જે તે ટેક્ષો, શિક્ષણ ફી સહિતમાં રાહતો મળે તેમજ મોંઘવારી ડામવા પગલાં લેવાય તેવી આમ પ્રજાની લાગણી વ્યાપ્ત બની છે. વડાપ્રધાનશ્રીની અનાજ સહાયમાં કે વેક્સિન બાબતે કોઈપણ પરિવાર કે છેવાડાના વિસ્તારનો પરિવાર બાકી ન રહી જાય તે માટે સુવ્યવસ્થિત આયોજન જરૂરી છે....નહીતો...દળી દળીને ઢાંકણીમાં.....!!

# કોરોના રસીના ઉત્પાદન, ગુણવત્તા અને ચકાસણી ના માપદંડ બાબતે PLV ટીમ દ્વારા અપાયેલ આવેદનપત્રક



જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર હેઠળ સ્વૈચ્છિક સેવાઓ આપતા પારા લીગલ વોલ્યુન્ટીયરસ શ્રી અનિલ કક્કડ, જયરામ સોની અને દિનેશ દવે ને તેમના આમજનતા સંપર્કો ના લીધે વખતો વખત કોરોના રસી અનુસંધાને રજુઆતો મળતી રહી હતી. જે ને અનુલક્ષી ને ટીમના સભ્યો એ તારીખ ૦૭-૦૬-૨૦૨૧ ના રોજ આ ક્ષેત્ર ના સક્ષમ અધિકારી તરીકે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ના કમિશ્નર શ્રી ડૉ એચ. જી. કોશીયા સાહેબ ની રુબરુ મુલાકાત યોજી હતી . મુલાકાત દરમ્યાન જીનેટીક સાયન્સ, ઇમ્યુનોહેમેટોલોજી. માયક્રોબાયોલોજી, અને ફાર્માસ્યુટીકલ્સ ટેક્નોલોજી ના મૂળભુત સિધ્ધાંતો ને આવરી લેવાયા હતા. કોરોના રસીના ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન તેના પારંભિક તબક્કા થી માંડી ને અંતિમ સ્તર સુધી તેની ગુણવત્તા જળવાઇ રહે તે સારુ અને ચકાસણી ના દરેક મુદ્દે વિગતવાર ચર્ચાઓ થઇ હતી. ત્રીસ મિનિટ સુધી ચાલેલી આ મીટીંગ દરમ્યાન કમિશ્નર શ્રી ડૉ કોશીયા એ પુરતો સમય ફાળવી ટીમ ના દરેક સભ્યો ને ખુબજ ધ્યાન પૂર્વક સાંભળ્યા હતા અને સાકારાત્મક પ્રતિભાવ આપી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ની આ બાબતે ઉપલબ્ધ માર્ગદર્ષિકાઓ, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અને અન્ય રાજ્યોમા ત્થા ગુજરાત રાજ્ય મા અ બાબતે થયેલી પ્રગતી ની અધ્યતન માહિતી આપી હતી

અંતમા PLV ટીમના શ્રી અનિલ કક્કડ ના હસ્તે દસ મુદાનુ એક લેખિત આવેદન પત્રક સુપ્રત કરી રસીના ઉત્પાદન, અસરકારકતા, ગુણવત્તા નિયંત્રણ, તેના માપદંડ વિગેરે ની વિગતો આમજનતા સુધી ઉપ્લબ્ધ થાય તે હેતુ થી તંત્રની વેબ સાઇટ ઉપર સઘળી માહિતી મળી રહે તે જોવા વિનંતિ કરવામા આવી હતી .

# મોડાસા પાલિકામાં ૧૨ કર્મચારીઓની ભરતી વિવાદ : પ્રાદેશિક કમિશનરે ભરતી રદ કરતો હુકમ કરતા ખળભળાટ,પાલીકામાં સંન્નાટો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજયનાનગરપાલિકા નિયામક દ્વારા સીધી ભરતીથી કર્મચારીઓની ભરતી કરવા અપાયેલી મંજૂરી બાદ મોડાસા નગરપાલિકા દ્વારા વર્ષ-૨૦૧૪માં ૧૨ કર્મચારીઓની ભરતી કરાઇ હતી. ભરતી નિયમ વિરુદ્ધ અને જરૂરી મંજૂરી વિના કરાઇ હોવાની વિવાદી અરજી બાદ અરવલ્લી જિલ્લા કલેકટર દ્વારા ભરતી રદ કરવાનો હુકમ કરાયો હતો. હુકમને રાજ્ય શહેરી વિકાસ વિભાગના અપીલ અધિકારીએ રદ કરી સમગ્ર ભરતી પ્રકરણ અને કલેકટરના હુકમની પુનઃ ચકાસણીનો આદેશ કર્યો હતો ત્યાર બાદ વધુ એક વાર મોડાસા નગરપાલિકાએ કરેલ ૧૨ કર્મચારીઓની ભરતી સરકારના પરીપત્ર અને ઠરાવનો યોગ્ય અમલ થયો ન હોવાનું જણાવી પ્રાદેશીક કમિશ્નર નગરપાલિકા ગાંધીનગર કમિશ્નર અમીત પ્રકાશ યાદવે ભરતી રદ કરવાનો વટ હુકમ કરતા નગરપાલિકામાં સન્નાટો છવાઈ ગયો હતો આ ભરતી પ્રક્રિયા સમયે મસમોટું કૌભાંડ કરી નોકરી મેળવનાર ઉમેદવારો પાસેથી સત્તાધીશોએ લાખ્ખો રૂપિયા લઇ ભરતી કરી હોવાની ચર્ચા વર્ષો થી જાગૃત નાગરિકોમાં ચાલી રહી છે

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, મોડાસા નગરપાલિકામાં ૭૭ જગ્યાઓ ભરવા વર્ષ-૨૦૧૨માં નગરપાલિકા નિયામકે આપેલી મંજૂરી આધારે જરૂરી ઠરાવ બાદ પસંદગી સમિતિ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી જે તે સમયે ફાયર ઓફિસર, ટાઉન પ્લાનર, ટેકનિકલ આસીસ્ટન્ટ,સેનેટરી ઇન્સ્પેકટર સહિત ૧૨ કર્મચારીઓની ભરતી પ્રક્રિયાને બહાલી આપવા જિલ્લા કલેકટરને દરખાસ્ત કરાઇ હતી. બે વર્ષના લાંબા સમય બાદ બહાલી નહી મળતાં પાલિકાના તત્કાલીન પ્રમુખે પોતાની સહી દ્વારા તમામ કર્મચારીઓને નિમણૂંક આપી હતી. ભરતી ગેરકાયદે અને નિયમ વિરુદ્ધ હોવા બાબતે અધિનિયમ કલમ ૨૫૮ હેઠળ જુદી જુદી ત્રણ અપીલ અરજીઓ થતાં ભરતી પ્રકરણ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અરવલ્લીની કોર્ટમાં રજૂ કરાયું હતું. અરવલ્લી જિલ્લા કલેકટર અને ડિવિઝનલ મેજિસ્ટ્રેટ બી.જે. ભટ્ટની કોર્ટે ૨૦૧૪માં ભરતી પ્રકીયા રદ કરી હતી ત્યાર બાદ નગરપાલિકાની ભરતીને અલગ અલગ કોર્ટમાં પડકારવામાં આવી હતી મોડાસા નગરપાલિકાએ કરેલ ૧૨ કર્મચારીઓની ભરતી સરકારના પરીપત્ર અને ઠરાવનો યોગ્ય અમલ થયો ન હોવાનું જણાવી પ્રાદેશીક કમિશ્નર નગરપાલિકા ગાંધીનગર કમિશ્નર અમીત પ્રકાશ યાદવે ભરતી રદ કરવાનો વટ હુકમ કરતા નગરપાલિકામાં સન્નાટો છવાઈ ગયો છે જો કે આ હુકમ સામે ૩૦ દિવસમાં અપીલ કરવાની જોગવાઈ હોવાનો ઉલ્લેખ હોવાથી કર્મચારીઓએ હાશકારો અનુભવી અપીલમાં જવા તૈયારીઓ હાથધરી હોવાની માહીતી પ્રાપ્ત થઇ હતી

પ્રાપ્ત માહીતી અનુસાર, મોડાસા નગરપાલીકાના પ્રમુખ, ચીફ ઓફીસર સહિ?તની પસંદગી સમિતિ દ્વારા નગરપાલીકા નિયામક દ્વારા મંજૂર કરાયેલ મહેકમ પૈકી ફાયર ઓફીસરથી માંડી ટાઉન પ્લાનર,સેનેટરી ઇન્સ્પેકટર અને ડ્રાયવર, કલીનરથી માંડી ફાયરમેન સહિ?ત કુલ ૧૨ જગાઓ ઉપર વર્ષ ૨૦૧૨માં કર્મચારીઓની ભરતી કરવામાં આવી હતી. કુલ ૧૨ જગાઓની ભરતી પ્રક્રિયામાં જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ મોટી સંખ્યામાં પોતાની અરજી દ્વારા ઉમેદવારી નોંધાવી હતી.જેમાં કેટલાક ઉમેદવારો તો વર્ષોથી નગરપાલીકામાં રોજમદાર તરીકે સેવાઓ આપી રહયા હતા.

આ ભરતી પ્રક્રિયામાં ઈન્ટરવ્યુ યોજી ગુણાંકન કરી મેરીટમાં આવેલા ઉમેદવારોને નગરપાલીકાએ નિમણૂંકના ઓર્ડર આપી દેતાં નારાજ થયેલા કેટલાક વિવાદી અરજદારોએ તેઓને થયેલા અન્યાય થી વ્યથીત બની સમગ્ર ભરતી પ્રકરણે ન્યાય મેળવવા જીલ્લા કલેકટરની કોર્ટમાં અપીલ દાખલ કરી હતી.આ વિવાદી ભરતી પ્રકરણમાં જેઓએ ન્યાય મેળવવા ઘા નાખી હતી.તેઓના વકીલ બી.એમ.કોઠારી દ્વારા રજૂ કરાયેલા પુરાવા અને દલીલોને ધ્યાને રાખી જીલ્લા કલેકટર નામદાર બી.જે.ભટ્ટ સાહેબની કોર્ટે સમગ્ર ભરતી પ્રક્રિયા રદ કરતો હુકમ કર્યો હતો.

જિલ્લા કલેકટરના હુકમથી નારાજ વિવાદીઓએ ન્યાય મેળવવા રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નાયબ સચિવ અને અપીલ અધિકારી સમક્ષ નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૨૬૪ હેઠળ રિવિઝન અરજી દાખલ કરી હતી. અપીલ અધિકારીએ તમામ પક્ષકારોની મૌખિક તેમજ લેખિત રજૂઆત અને જરૂરી દસ્તાવેજી પુરાવા ધ્યાને લઇ ભરતી પ્રક્રિયાને બહાલી આપવા કરાયેલી દરખાસ્તનો નિકાલ કરવામાં સાબરકાંઠા તેમજ અરવલ્લી જિલ્લા કલેકટરે બિનજરૂરી વિલંબ કર્યો હોવાનું તારણ જણાવતાં કલેકટરના ભરતી રદના હુકમને રદ કરતો હુકમ કર્યો હતો.

હુકમમાંઅપીલ અધિકારીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે કલેકટર દ્વારા જો સમયસર બહાલી અપાઇ હોત તો કલેકટરની મંજૂરી વગર નિમણૂંક આપવાનો પ્રસંગ સર્જાત. વધુમાં કલેકટર દ્વારા નિમણૂંક સંબંધી અપીલ અરજીઓનો સૌપ્રથમ નિકાલ કરાયો છે, જ્યારે ભરતી પ્રક્રિયાની બહાલી આપવાની દરખાસ્ત પ્રથમ હાથ ધરવી જોઇતી હતી. આમ નગરપાલિકામાં પ્રમુખની સહીથી કરાયેલી ભરતી અને નિમણૂંક રદ કરતા જિલ્લા કલેકટરના હુકમને અપીલ અધિકારીએ અધિનિયમની કલમ ૨૬૪ હેઠળ રદ કરી તા. ૧૧/૮/૨૦૧૪ના હુકમને નામંજૂર કરવાનો આદેશ આપતાં સંબંધિત વિવાદીઓમાં રાહત ફેલાઇ હતી

# એમેઝોનના બેઝોસ પોતાની કંપનીના રોકેટમાં-બેસી અવકાશ સફરે જશે

વોશિંગ્ટન,તા.૮

અમેરિકાની મલ્ટીનેશનલ ટેક્નોલોજી, ઈ-કોમર્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ એમની પોતાની જ કંપની બ્લૂ ઓરિજિને બનાવેલા સ્પેસ રોકેટ 'ન્યૂ શેફર્ડ'માં બેસીને આવતા મહિને અવકાશની સફરે જવાના છે. આ સફરે જનાર એ દુનિયાના સ્પેસ ક્ષેત્રના બિઝનેસના પ્રથમ અબજોપતિ બનશે. બેઝોસે પોતે જાહેરાત કરી છે કે એ આવતી ૨૦ જુલાઈએ ટેક્સાસમાંથી તેમની બ્લૂ ઓરિજીન કંપનીના રોકેટ (કેપ્સ્યુલ)માં અગ્નિશમન વિભાગમાં કામ કરતા એમના ભાઈ માર્કની સાથે બેસીને અવકાશની સફરે જશે. 'ન્યૂ શેફર્ડ' રોકેટનું એ પ્રથમ અવકાશયાત્રી-ક્રૂ અવકાશ લોન્ચ હશે. ૫૭ વર્ષીય બેઝોસ પાંચ જુલાઈએ એમેઝોનના સીઈઓ પદેથી રાજીનામું આપવાના છે. ત્યારબાદ પોતે એમની સ્પેસ કંપની બ્લૂ ઓરિજીનના સ્પેસ ટૂરિઝમ બિઝનેસ પર ધ્યાન કેન્દ્રિત કરવાના છે. એમેઝોનમાં એમનો હિસ્સો ૧૬૪ અબજ ડોલરનો છે. તે રોકેટમાં છ સીટ હશે. દરેકને પોતાની મોટી બારી હશે. એક સીટ કંપનીએ યોજેલી વૈશ્વિક સ્તરની ઓનલાઈન હરાજીમાં વિજેતા બનનારને ફાળવવામાં આવશે. એ હરાજીની મુદત ૧૨ જૂને સમાપ્ત થશે. અત્યાર સુધીમાં એમાં ૧૪૩ દેશોમાંથી ૬,૦૦૦થી વધારે લોકો ભાગ લઈ ચૂક્યા છે. બાકીની ત્રણ સીટ પર કોણ બેસશે એની હજી કંપનીએ જાહેરાત કરી નથી. રોકેટનું લોન્ચ અને લેન્ડિંગ સ્થળ પશ્ચિમ ટેક્સાસના કોઈક દૂરના સ્થળે અને મેક્સિકો સાથેની સરહદ નજીક છે.

## રાજપીપલા વિસ્તારમાં ત્રણ અનડીટેક્ટ ચોરી ઝડપાઈ

# નર્મદા જિ.પં ઉપપ્રમુખની ગાડીમાંથી ૩ લાખ રૂપિયાની ચોરીનો ભેદ ઉકેલાયો



ગુજરાતના અલગ અલગ જિલ્લાના રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશનો પર આતંક મચાવનાર ખિસ્સા કાતરું ગેંગના સભ્યોએ નર્મદા જિલ્લામાં ગાડીના કાચ તોડી લાખો રૂપિયાની ચોરી કરી હોવાનું પણ કબુલ્યું છે.નર્મદા જિલ્લા પંચાયત ઉપપ્રમુખ કિરણ વસાવાની ગાડીનો કાચ તોડી ૩ લાખ રૂપિયાની ચોરી થઈ હોવાની ઘટનાની તપાસ દરમિયાન પોલીસે એ ગેંગને ઝડપી પાડી છે.આ સાથે નર્મદા જિ.પં ઉપપ્રમુખ કિરણ વસાવાની ગાડી માંથી ૩ લાખ રૂપિયાની ચોરીનો ભેદ ઉકેલાયો છે

એ દિશામાં નર્મદા ન્ઝ્મ એ તપાસ હાથ ધરી હતી.નર્મદા ન્ઝ્મ એ.એમ.પટેલ સહિતની ટીમ ૨૦ થી વધારે ઝઝ્ફ ફૂટેજ ચેક કરતા કરતા અંકલેશ્વર સુધી પહોંચી ગઈ હતી.અંકલેશ્વરમાં તપાસ દરમિયાન ત્યાંના લોકલ બાતમીદાર પાસે ઝઝ્ફ ફૂટેજ વેરીફાય કરાવતા ચોરીના આરોપીઓ મીરા નગરમાં હોવાનું જાણવા મળ્યું હતું.બાદ અંકલેશ્વરના મીરાનગર માંથી નર્મદા LCB એઆરોપીનેઝડપી પાડી તપાસ હાથ ધરી હતી.દરમિયાન એ ત્રણેવ લોકોએ રાજપીપળામાં ગાડીનો કાચ તોડી ૩ લાખની ચોરી કરી હોવાનો ગુનો કબુલ્યો હતો. રાજપીપલા વિસ્તારમાં ત્રણ અનડીટેક્ટ ચોરીને એલસીબી પોલીસે ઝડપી પાડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.એ.એમ.પટેલ, પોલીસ ઈસ્પેક્ટર, એલ.સી.બી તથા એલ.સી.બી. સ્ટાફના પોલીસ માણસોને જીલ્લામાં બનતા મિલ્કત સબબ ગુનાના કામે બાતમીદારો રોકી બાતમી ગુના ડીટેક્ટ કરવા જણાવતા રાજપીપલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા.૦૪/૦૬/૨૦૨૧ના સવારે સબજેલ પાસે સ્કોર્પીયો ગાડી નં.જી.જે.૨૨-એચ-૧૧૯૦નો કોઇ અજાણ્યા ઈસમે ગાડીનો પાછળનો કાચ તોડી ગાડીની સીટ ઉપર મુકેલ બેગ ચોરી કરી લઇ જતા રાજપીપલા પોલીસ મથકમાં ચોરીનો ગુનો નોંધાયો છે આ ગુનાની તપાસમાં એ.એમ.પટેલ, પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી. તથા એલ.સી.બી પોલીસ સ્ટાફના પોલીસ માણસો દ્વારા રાજપીપલા ટાઉન વિસ્તારના સીસીટીવી ફુટેજ આધારે શકમંદોની ઓળખ કરી તેમના પાછળ-પાછળ અંકલેશ્વર સુધી ૨૦થી વધારે સીસીટીવી ફુટેજ ચેક કરતા આ કામના આરોપીઓ મીરાનગર અંકલેશ્વરના હોવાનું જણાઇ આવેલ જેથી લોકલ બાતમીદારની મદદથી સીસીટીવી ફુટેજ વેરીફાઇ કરાવતા (૧) સંજય રાજુ નાયડુ રહે. શીવાજી કોલોની, કલ્યાણ, મુંબઇ (મહારાષ્ટ્ર) મુળ રહે. બાકીપાડા નવાપુરા, તા.નવાપુરા જી.નંદુરબાર (૨) અરવિંદ સિંન્દીલ નાયડુ રહે. બાકીપાડા, નવાપુર તા.નવાપુર જી.નંદુરબાર (મહારાષ્ટ્ર) મુળ રહે.કોયલા ફાટક ઉર્જન તા.જી.ઉર્જૈન (એમ.પી.) (૩) સુર્યપ્રકાશ રમેશ નાયડુ રહે. બાકીપાડા, નવાપુર તા.નવાપુર જી.નંદુરબાર હાલ રહે. ઉધના રેલ્વે સ્ટેશન તા.જી.સુરતને ગુનાના કામે પુછપરછ કરતા ગુનો કરેલ હોવાનું કબુલાત કરેલ છે. તેમજ બીજા સહ આરોપીઓ (૧) રમેશ મણી નાયડુ (૨) આકાશ રાજુ નાયડુ (૩) વિક્રમ મારમુથુ નાયડુ (૪) રમેશભાઇ નાયડુ તમામ હાલ રહે. મીરાનગર અંકલેશ્વર તા.અંકલેશ્વર જી.ભરૂચ તથા મુળ રહે. બાકીપાડા નવાપુરા, તા.નવાપુરા જી.નંદુરબારવાળા ન પકડાઇ નાસી ગયેલ. આ ઉપરાંત આ પકડાયેલ આરોપીઓની વિશેષ પુછપરછ કરતા તેઓએ રાજપીપલા પોલીસ મથકે નોંધાયેલ ગુનાનાની પણ કલુબાત કરી હતી.તેમજ રાજપીપલા પોલીસ મથક ના ગુનાની પણ કબુલાત કરી હતી. આ ગુનાઓ સબબ કુલ-૩ અનડીટેક્ટ ચોરી ડીટેક્ટ કરી આરોપીઓ પાસેથી રોકડ રકમ રૂ.૫૯,૫૦૦/- મુદ્દામાલ રીકવર કરી આરોપીઓને રાજપીપલા પોલીસને ગુનાના કામે સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તેમજ પકડાયેલ તમામ આરોપીઓ સુરત, વડોદરા, આણંદ, મુંબઇ, અંકલેશ્વર, ભરૂચ, ઉજૈન, સતના, વિસ્તારમાં આવેલ બસ સ્ટેશન/રેલ્વે સ્ટેશન ઉપર પીક પોકેટીંગ તથા ચીલ ઝડપના સંખ્યાબંધ ગુનાઓ કરેલ હોવાન કબુલાત કરી હોવાનું જણાવેલ છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# મંગળ પર માનવ વસાહતની તૈયારીઓ ૨૦૨૩ સુધી મંગળ ગ્રહ પર માણસોને રહેવા માટે કોલોની બનાવવામાં આવશે

## મંગળ પરજવા માટે અમેરિકનો સૌથી આગળ છે. અમેરિકામાં ૩૭,૮૫૨ લોકોએ પોતાની ટિકિટ બુક કરાવી લીધી છે

પૃથ્વી માણસોથી ઉભરાઈ રહી છે ત્યારે હવે વિજ્ઞાનીઓ મનુષ્યને મંગળના ગ્રહ પર રહેવા માટે મોકલવાની તૈયારી કરી રહી છે.કારણ કે મંગળ ગ્રહ પર જવા માટે રજિસ્ટ્રેશન કરાવવું પડશે.જેની છેલ્લી તારીખ ૩૨ ઑગસ્ટ છે.આપને થશે કે વળી મંગળ ગ્રહ પર કોણ જવા માગતું હશે, પરંતુ ભારતમાંથી લગભગ ૮,૧૦૭ લોકો મંગળ પર જવા માટે રજિસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે.

સૌથી વધારે મંગળ પર જવાની ઇચ્છા ધરાવનાર અમેરિકનો સૌથી આગળ છે. અમેરિકામાં ૩૭,૮૫૨ લોકોએ મંગળ પર જવા માટે પોતાની ટિકિટ બુક કરાવી લીધી છે. જો ટોપ ૧૦માં આવનાર અન્ય દેશોની વાત કરીએ તો અમેરિકા બાદ ચીનનો નંબર આવે છે, જ્યાં ૧૩,૧૨૪ લોકો મંગળ ગ્રહ પર જવા માગે છે.

જયારે ચીન બાદ બ્રાઝિલમાંથી ૮,૬૮૬ લોકો, ભારતમાંથી ૮,૧૦૭ લોકો, રશિયામાંથી ૭,૧૩૮ લોકો, બ્રિટેનમાંથી ૬,૯૯૯ લોકો, મેક્સિકોમાંથી ૬,૭૭૧ લોકો, કેનેડામાંથી ૬,૫૯૩ લોકો, સ્પેનમાંથી ૩,૬૨૧ લોકો અને ફિલિપીંસમાંથી ૩,૫૧૬ લોકો મંગળ ગ્રહ પર જવા માગે છે.

મંગળ પર જવા માટે માર્સ વન નામની એક કંપનીએ એક પ્રોજેક્ટ હાથ ધર્યો છે, જે અનુસાર ૨૦૨૩ સુધી મંગળ ગ્રહ પર માણસોને રહેવા માટે કોલોની બનાવવામાં આવશે. માર્સ વન પ્રોજેક્ટ આ સમયે આખી દુનિયામાં ચર્ચાનો વિષય બની ગયો છે. રિપોર્ટ અનુસાર ૧૪૦થી વધારે દેશોના લોકો કોઇ અન્ય ગ્રહ પર જીવન વિતાવવાનું મન બનાવી રહ્યા છે.થોડા વર્ષો પહેલા લોકોને ચાંદ ઉપર રહેવું શક્ય લાગતું હતું. પરંતુ હવે અમેરિકા ચાંદ ઉપર વસ્તી વસાવવાની તૈયારી કરી રહ્યું છે. જેના માટે અમેરિકાએ અરબો રૂપિયા ખર્ચી નાંખ્યા છે. થોડા વર્ષોમાં જ મંગળ ગ્રહ ઉપર માણસો પગ મૂકતા દેખાશે. વૈજ્ઞાનિકોએ એ વિસ્તાર પણ શોધી લીધો છે જે માણસોને રહેવા માટે મંગળગ્રહ ઉપર સૌથી સુરક્ષિત જગ્યા છે.

દુનિયાભરના વૈજ્ઞાનિકો અંતરિક્ષમાં પોતાના અભિયાનોમાં ગતિ લાવી રહ્યા છે. નાસાએ પોતાના અભિયાન જ્યારે ચીન પણ મંગળ ઉપર મોકલવા માટેની તૈયારી કરી રહ્યું છે. તેઓ ચાંદ ઉપર પોતાના મહત્વાકાક્ષી અભિયાનોમાં લાગ્યા છે. ભારતે પણ ચંદ્રમા ઉપર પોતાના અંતરિક્ષયાત્રી મોકલવાની તૈયારી રજૂ કરી છે. ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશનથી યાત્રીઓની અવર-જવર સામાન્ય બની ગયું છે.

દુનિયાભરના વૈજ્ઞાનિકો અંતરિક્ષમાં પોતાના અભિયાનોમાં ગતિ લાવી રહ્યા છે. નાસાએ પોતાના અભિયાન જ્યારે ચીન પણ મંગળ ઉપર મોકલવા માટેની તૈયારી કરી રહ્યું છે. તેઓ ચાંદ ઉપર પોતાના મહત્વાકાક્ષી અભિયાનોમાં લાગ્યા છે. ભારતે પણ ચંદ્રમા ઉપર પોતાના અંતરિક્ષયાત્રી મોકલવાની તૈયારી રજૂ કરી છે. ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશનથી યાત્રીઓની અવર-જવર સામાન્ય બની ગયું છે.



આ સમયે વૈજ્ઞાનિકોનું ફોકસ ચાંદની સાથે મંગળ ઉપર પણ છે. નાસાના અનેક અભિયાન મંગળવ ઉપર પહેલા પણ કામ કરી રહ્યા છે. જૂલાઈમાં નાસા પર્સિવિયરેસ રોવર પ્રક્ષેપિત થનાર છે. ત્યાંથી માટીના નમૂના લાવવાની તૈયારી કરશે. આ તમામ શોધ સાથે વૈજ્ઞાનિક આ વાતની પણ શોધ કરી રહ્યા છે કે મંગળગ્રહમાં કોઈ જગ્યા ઉપર વૈજ્ઞાનિક સુરક્ષિત રહી શકે છે. જેનાથી તેઓ કેટલોક સમય શોધ કરી શકે.

થોડા વર્ષોમાં જ મંગળ ગ્રહ ઉપર માણસો પગ મૂકતા દેખાશે. વૈજ્ઞાનિકોએ એ વિસ્તાર પણ શોધી લીધો છે જે માણસોને રહેવા માટે મંગળગ્રહ ઉપર સૌથી સુરક્ષિત જગ્યા છે.

અત્યારે મંગળના સ્તર ઉપર કોઈ જગ્યા નથી. જ્યાં કેમ્પ લગાવી શકાય. પરંતુ શોધકર્તા છેલ્લા કેટલાક સમયમાં ત્યાં એવી જગ્યાની શોધમાં લાગ્યા છે. જ્યાં મંગળ ઉપર જનારા વૈજ્ઞાનિકો માટે સૌથી સુરક્ષિત હોય. વૈજ્ઞાનિકોએ આવી જગ્યાની શોધ પણ કરી લીધી છે. આ હેલાસ પ્લેનિટિયા નામના બેસિનના નિચલા વિસ્તારમાં સ્થિત છે. જે ઉલ્કા પિંડની ટક્કરથી બની છે.

કેમ શક્ય છે અહીં રહેવું?:-

મંગળ ઉપર ક્યાંય પણ રહેવા માટે આસાન નથી. કારણ કે જમીનનું સ્તર સૂકું છે. અહીં ઓક્સિજન નથી અને સૂર્યની કિરણો સીધી પહોંચે છે. આવી સ્થિતિમાં મંગળ ઉપર પહોંચીને જીવતું રહેવું ખૂબ જ ખતરનાક સાબિત થશે. નાસા આ અંગે લાબા સમયથી શોધ કરી રહી છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચનાં....
.વિષય : સંતોષ - અસંતોષ.દિવસ - ૧
www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક તેમજ એડમિન ટીમ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ, જયકાંતભાઈ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ(પ્રતિભાવ એંકર), પ્રદિપ રાવલ,સહયોગી : આરતી મરચંટ,અરૂણાબેન ત્રિવેદી
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

NOG SS No : 0077
વિભાગ:ગદ્ય, મૌલિક
વિષય:સંતોષ -અસંતોષ
શીર્ષક: સંતોષ-અસંતોષની ભેદરેખા

સંતોષ -અસંતોષ બંને એકબીજાને પરસ્પર જોડાયેલા છે એટલે જ એમનું મૂલ્ય છે.
બેમાંથી એક ના હોત તો બીજાનું અવમૂલ્યન જરૂર થાત.
સંતોષ એક ગુણધર્મ તરીકે તો વારસાઈમાં મળતો હશે.કારણકે જેમનાં વડવાઓ અસંતોષી અને વધુ તૃષ્ણા વાળા હોય એમને સંતોષનો ઓડકાર કે ધરવ જોવા મળતો જ નથી.કોઈ વાત, વ્યક્તિ કે વસ્તુમાં એમને કોઈને કોઇ રીતે ઉણપ વર્તાયા કરતી હોય છે.
ખાસ કરીને મારી દ્રષ્ટિએ અતિ લોભી અને લાલચુ લોકોની ગણના અસંતોષી જીવોમાં કરી શકાય.
એમને તમે ગમે તેટલું આપો કે કરો કોઈ જ કદર કે સંતોષની લાગણી ઉત્પન્ન થતી જ નથી.
એની સામે બીજો આખો એવો એક વર્ગ છે જે નાની નાની વાતોમાં સંતોષ વ્યક્ત કરે છે.કોઈને પાણી પીવડાવીને સંતોષ થાય, કોઈને જ્ઞાનનું આદાનપ્રદાન કરીને સંતોષ થાય, કોઈને દાન-ધરમ કરીને સંતોષ થાય,કોઈને રોટલો ખવડાવીને સંતોષ થાય , કોઈ પશુ-પક્ષીને ખવડાવીને સંતોષ માને તો કોઈને સ્વચ્છતા રાખીને કે રખાવીને સંતોષ થતો હોય.
આમ સંતોષ કરવો એ વ્યક્તિગત બાબત છે અને દરેક વ્યક્તિએ એની મહત્તા અને અભિવ્યક્તિ અલગ જ હોય છે.
આમ સંતોષનો ઓડકાર એ ખૂબ અંગત ગણાય એવી બાબત છે.
રોજબરોજમાં આપણે કેટલાય લોકો જોતાં હોઈએ છીએ કે જેઓ ઘણાં મોટાં મોટાં કાર્યો પાર પાડે તો પણ ઢોલ નથી પીટતાં , એમની કાર્ય પ્રત્યેની લગન અને ધગસ જ એમનાં સંતોષનું પાચન કરતી હોય છે.
એક્ટર સોનુ સુદ હાલમાં એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ભૂતકાળમાં શ્રી જલારામબાપા,શ્રી શિરડી સાંઈબાબા અને બીજા ઘણાંય સંતો અને શૂરાઓ સીધા કે આડકતરી રીતે પૂરા સંતોષ સાથે કામ કરી સમાજનું ભલું કરતાં હતાં.અને એને લીધે એમને અનુસરણ કરનાર એક આગવો વર્ગ ઉભો થયો છે..!
બાકી અસંતોષી લોકોએ સમાજનું પતન જ નોતર્યું છે, જેમાં ભ્રષ્ટાચાર, ચોરી ,લંપટગીરી,દાદાગીરી અને બીજી અસામાજીક અનૈતિક બદીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.કોરોના કાળમાંઆવા કાળા બજારીઆનો અસંતોષ આપણે બધાંએ જોયો ..!
સંતોષ દર્શાવતો બરાબર શબ્દ છે ...
હાશ....!
આ હાશકારો એ ધરતી પર સ્વર્ગની અનુભૂતિ કરાવતો સંતોષકારક અભિગમ વ્યક્ત કરે છે..!

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---

NOG SS No: 0079
વિષય સંતોષ અસંતોષ
શીર્ષક મનની અવસ્થા
પ્રવિણા કડકિઆ

સંતોષી નર સદા સુખી. આની પાછળનું સત્ય જાણે તો જીવનમાં અસંતોષ ડોકિયા ન કરે ! અસંતોષ જીવનને ચિતા સમાન બનાવે છે.
સંતોષ જીવનમાં શીતળતા ફેલાવે છે.
નીપા વિચારી રહી, આખી જિંદગી અસંતોષની આગમાં જલી અને કુટુંબમાં ક્યારેય શાંતિ ને આવવા ન દીધી. નિલેશે જાન પણ ગુમાવ્યો.
કારણ કેટલું નજીવું હતું. પરણીને અમેરિકા આવી. હવે અહીં નોકર કે બાઈ તો મળે નહીં. મળે તો તેમને પૈસા ડોલરમાં આપવા ગમે નહિ. હવે આનો કોઈ ઈલાજ ખરો ? શું આપણા દેશમાં નોકરોને પગાર નથી આપતા ? પછી તો જેવો પગાર તેવું કામ ! સાદો ગણિતનો નિયમ છે.
મારા ભાઈને ત્યાં વર્ષોથી એકના એક માણસ કામ કરે છે. ભાઈ દરેકને
સહાય કરવામાં ક્યારેય પાછી પાની કરતો નથી.
ભાભી તેમને ત્યાં કામ
કરતી બાઈનાં ટાણા સાચવે. બાળકોને ભણવાના ખર્ચમાં સહાય કરે.
શું કામ તો દિલ દઈને કામ ન કરે ?
નીપા બહેન કાયમ પોતાની જિંદગી ભારતમાં બહેનો સાથે સરખાવે. અંહી
ગમે નહી. નિલેશને ભારત જવું ન હતું. આમ આખો વખત અસંતોષના અગ્નિમાં સળગ્યા કરે. ન પોતે શાંતિથી જીવે ન ઘરનાં ને જીવવા દે.
બીમારીનું બહાનું અને અસંતોષની જ્વાળા.
જુવાની કોઈની કાયમ ટકી નથી, નિલેશ ના શરીરમાં રોગ ઘર કરી ગયું.. ઘણાં
ઈલાજ કર્યા . જમ ઘર ભાળી ગયો હતો. નીપાનાં વ્યવહારને કારણે મનથી ભાંગી ગયો હતો. ડોક્ટરોની દવા કામ કરવામાં નિષ્ફળ રહી. જાન ગુમાવ્યો.
માનસિક તાણ અને અસંતોષની જ્વાળા જીવનમાં નીપા શું પામી ?

પ્રવિણા કડકિઆ

---

NOG SS NO,:/022
વિષય : સંતોષ-અસંતોષ
વિભાગ : ગદ્ય
પ્રકાર : વાર્તા
શીર્ષક : ભારતીય ક્રાંતિના જનક
લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

"વાસુ, તું થોડો મોડો પડ્યો. તારી માતાએ હમણાં જ પ્રાણ ત્યાગી દીધાં." રજા લઈને આવેલા વાસુદેવજી તરફ જોઈને એક વ્યક્તિએ કહ્યું.

વાસુદેવજીની આંખો આંસુથી ભીંજાવાને બદલે ક્રોધથી લાલ થઈ ગઈ. તેમને પોતાના ઉપરી અધિકારી ઉપર ક્રોધ આવ્યો હતો, પણ તે વ્યક્ત કરવાને બદલે તેમણે પોતાના હૃદયમાં ધરબી દીધો જેથી તે સમય આવે જ્વાળામુખીની જેમ ફૂટી શકે. તેમણે પોતાની માતાનાં મૃત્યું ઉપર એક પણ આંસુ ન વહાવ્યું. તેમના ઉપર થયેલો આ આઘાત એ ઊંટની પીઠ ઉપર પડેલું છેલ્લું તણખલું હતો.

થોડા દિવસ તેમણે ચિંતનમાં વિતાવ્યાં અને જઈને પોતાના ગુરુ મહાદેવ ગોવિંદ રાનડેજીને મળ્યા. તેમણે પોતાની ચારે તરફ ઘોર ગરીબી અને ગોરી સરકાર તરફથી અન્યાય થતો જોયો હતો. દુકાળમાં પણ ગોરી સરકાર જુલમ વિતાવવાનું ચૂકી ન હતી.

અસંતોષનો જ્વાળામુખી તેમના હૃદયમાં ધગધગી રહ્યો હતો. તેમણે સશસ્ત્ર ક્રાંતિ કરવાનો માર્ગ અપનાવ્યો અને તે માટે પોતાની જેમ આઝાદી ઝંખતા સમાજના છેવાડાના યુવકોને પોતાની સેનામાં સામેલ કર્યા. પોતાનું આ ભગીરથ કાર્ય પાર પાડવા માટે જરૂરી પૈસા માંગીને ભેગાં ન થતાં અંગ્રેજો અને તેમને સહાય કરનાર માલેતુજારોનાં ઘરે લૂંટ ચલાવવાનું શરૂ કર્યું. તે પોતાની સેના વધારતાં ગયાં અને દરેક યુવકને યુધ્ધની તાલીમ આપવા લાગ્યા. આ સેનાના જોર ઉપર થોડા દિવસ માટે પૂના શહેર પણ પોતાના કબ્જામાં લીધું. પણ અંગ્રેજોની મોટી સેના સામે તેમને હાર મળી.

તે છતાં વાસુદેવજીએ હાર માની ન હતી. તેમણે હેદરાબાદ તરફ કૂચ કરી અને આરબો તેમ જ રોહિલ્યાઓ પાસે મદદ માંગી, પણ નિઝામની સેવામાં રહેલ અબ્દુલ હક અને હેનરી ડેનિયલને લીધે પાછાં ફરવું પડ્યું.

૧૮૭૯ માં વિજાપૂર નજીક તેમની ધરપકડ થઈ અને પૂનામાં તેમના ઉપર કામ ચલાવવામાં આવ્યું. તેમના વકીલ ગણેશ વાસુદેવ જોશીની દલીલોને લીધે તેમની ફાંસીની સજા આજીવન કારાવાસમાં ફેરવાઈ. આ સજા ભોગવવા તેમને યેમેન દેશના એડન શહેરની જેલમાં મોકલવામાં આવ્યા, જ્યાં ભાગવાનો એક નિષ્ફળ પ્રયાસ પણ કર્યો. ભારતના આ વીર સપૂત વાસુદેવ બળવંત ફડકેનું મૃત્યુ એડનમાં જ થયું.
વંદન છે ભારતીય સશસ્ત્ર ક્રાતિના જનકને.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા

---

NOG SS No.0059.
વિષય : શબ્દ - સંતોષ અસંતોષ.
વિભાગ: ગદ્ય- લેખ.
શીર્ષક: ' પરમસુખ! સંતોષ'.
શબ્દો : ૨૮૦.

ગુજરાતી મૂળાક્ષરોમાં 'અ'
અક્ષરની તાકાત તો જુઓ ?
કુસ્તીમાં જીત મેળવવા માટે હરીફને ચીત કરવાનો હોય છે.
'અ', શબ્દ,જેની સાથે જોડાઇ
જાય એટલે, સામેનો શબ્દ ચીત!

| | |
|---|---|
| સંતોષ | અસંતોષ |
| સત્ય | અસત્ય |
| ન્યાય | અન્યાય |

જ્યારેં જ્યારે 'અ' અક્ષર સારામાં સારી ક્રિયા સાથે જોડાય છે ત્યારે ,તે કાર્યના ગુણધર્મમાં જબરજસ્ત
ફેરફાર કરે છે.
માનવને મળેલાં અમૃત જેવાં 'સંતોષફલનેં....
'અસંતોષ કડવા ઝેર જેવો બનાવી નાંખે છે.
સંતોષ અને અસંતોષ આજે
એક સિક્કાની બે બાજુ જેવાં બની ગયા છે.
આપણું મનગમતું કંઈક મળે,
આપણાં મનમાં સંતોષની સરવાણીઓ ફૂટી રહી હોય ત્યાંજ મનમાં અસંતોષના દાવાનળે પોતાનું તાંડવ નૃત્ય
શરૂ કરી દીધું હોય છે, જેમકે,
બસ ! આટલી મહેનત પછી ?
આટલું જ !
હજુ આનાથી સારું મળવાની
આશા હતી !
હવે ઠીક! મારાં જેવું હવે કોઈને
ન મળે તો બસ ! અન્ય પ્રત્યેનો ઈર્ષાભાવ જાગૃત થયોજ હોયછે, જે આપણને આનંદથી વંચિત રાખેછે, કારણ ! સંતોષના સ્થાને
અસંતોષનું મનમાં આગમન !
સ્કૂલનું રીઝલ્ટ આવ્યું,મારાં મનીષને ૮૦%, પણ,સામેવાળા રમેશને ૮૫% ! ૮૦% નો સંતોષનો આનંદ પરિવાર સાથે માણવો નથી,પણ ૮૫% ના અસંતોષનું હાવીપણુ !
મને પુત્રવધૂ ગોરી-નમણી ને વ્યવહારુ મળી, પરંતુ, રીટાબ્હેનને
તો, કમાણી લાવતી,નોકરી કરતી
વહુ મળી,હા ,થોડી જાડીને કાળી છે,તેમાં શું ?
અહીં આવકનો ઈર્ષાભાવ સુખ
માણવા દેતો નથી.
નટુકાકાનો નવીન ૧૨માં ક્રમાંકે
ક્રિકેટમાં કેટલું કમાય છે ! જ્યારે અમારો, આંતરરાષ્ટ્રીય કબડ્ડી કેપ્ટન કિરણ, રોજ પગ છોલીને,
લોહી નિંગળતા પગે ઘરે આવે છે.
સમજોને માનવીઓમાં ધન સાથે , અન્ય સાથેની સરખામણી કરવાની ખોટી આદતોજ દુ:ખનુ કારણછે.
જીવનમાં પરિવાર સાથે સુખ માણવું હોય,માનવ જીવન સાર્થક કરવું હોય તો !
"હરક્ષણે સંતોષને અપનાવો ને દાની દુશ્મન અસંતોષને દફનાવો".
સંતોષ એજ જીવનનું અમૃતછે,
પ્યારે' ,અમૃત પીવો ને પીવરાવો.

જયકાન્ત ઘેલાણી'પ્યારે'.

---

NOG. SS. NO .0095
વિષય :--સંતોષ અસંતોષ
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :--" વીર ભામાશા"

મોગલ શહેનશાહ અકબરના સમયમાં મહારાણા પ્રતાપ મારવાડનાં વીર, પ્રતાપી અને શૂરવીર રાજવી હતો . બાદશાહ અકબર સાથેનાં યુદ્ધમાં તેણે બરાબરની ટક્કર ઝીલી હતી .એકવાર ભારે વરસાદની પરિસ્થિતિમાં એનું સૈન્ય સપડાયું અને અકબરના વિશાળ સૈન્ય સામે ટકી ના શક્યું .

રાણા પ્રતાપની સ્થિતિ કફોડી થઈ ગઈ હતી. આમ નિ:સહાય દશામાં બેસી રહેવું તેને પોષાય તેમ નહોતું. તે સમયે ત્યાંથી પસાર થતાં એક જૈન આચાર્ય ભગવંતે તેમને પાર્શ્વનાથ પ્રભુની આરાધના કરવાનું કહ્યું .રાણાએ કહ્યું કે હે ! ગુરુ ભગવંત ! મારી પાસે ધન નથી રહ્યું ને મારું સૈન્ય વેરવિખેર થઈ ગયું છે . આચાર્ય એ રાણાને સાચા હૃદયથી અને સાચા ભાવ અને ભક્તિ સાથે આરાધના કરવાનું કહ્યું. રાણાએ ત્રણ દિવસ સુધી સતત આરાધના કરી. સતત પાર્શ્વનાથ પ્રભુની ભાવવિભોર બનીને આરાધના કરતાં કરતાં એમની આંખોમાં આંસુ આવી ગયાં.

જે પ્રજાને પોતાનાં રાજાની પ્રજાવત્સલતા પર ગર્વ હતો એમની વહીવટ કુશળતાથી સમગ્ર મારવાડને સંપૂર્ણ સંતોષ હતો .એજ પ્રજાનું રક્ષણ કરવા માટે આજે મહારાણા પ્રતાપ લાચાર બનીને ભગવાન સમક્ષ ઊભો છે .અને ચોથા દિવસે જ્યારે રાણાજી જાગૃત અવસ્થામાં આવે છે ત્યારે જ દાનવીર ભામાશા ધનનાં થેલા લઈને આવી પહોંચ્યાં.

દાનવીર ભામાશા પોતાની સમગ્ર સંપત્તિ રાણા પ્રતાપના ચરણોમાં ધરી દે છે. રાણાજી એ સંપત્તિ વીર ભામાશાની નીજી સંપત્તિ હોવાથી લેવાની ના પાડે છે.ત્યારે ભામાશા કહે છે કે આ સંપત્તિ મહારાજ આપની જ છે .જ્યારે હું આપનાં દરબારમાં હતો ત્યારે આપ મને પગાર પેટે જે રકમ આપતાં હતાં આ એજ સંપત્તિ છે.. ત્યાં રહેતો એટલે મારે બીજો કોઇ ખર્ચ થતો જ નહીં. તો આ સંપત્તિ પર મારો હક કેવી રીતે હોય ? આજે એ સંપત્તિ આપને પાછી સોંપતાં મને એક સંતોષની લાગણી નો અનુભવ થયો છે. આ દેશની ધરતી માટે કંઈક કરી છૂટવાનો સંપૂર્ણ સંતોષ.

રાણાજીનું મસ્તક પણ ગર્વથી ઊંચું થયું છે એમને પણ સંતોષ થયો હતો કે મારી પ્રજા અને મારાં જ દરબારનાં આ રત્નોને મારાથી સંતોષ છે. એમને અસંતોષ નથી. જો અસંતોષ હોત તો આજે આ સૈન્ય ભૂખ તરસ વેઠીને પણ મારી સાથે ઊભું ના હોત , અને ભામાશા જેવા વીર પોતાની સંપૂર્ણ સંપત્તિ ને રાજ્યની સંપત્તિ કહીને પ્રજાનાં હિત ખાતર મારાં ચરણે ના ધરી દેત !

ધન્ય છે એ ભામાશાની દેશભક્તિ ને અને વફાદારીને !

દીપિકા. ચાવડા. તાપસી

# મોડાસા : બાડેસર તળાવમાં બે બાળકો ડૂબ્યા હોવાની આશંકા



અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં અકસ્માતે મોત નિપજાવાની ઘટનાઓ સતત બની રહી છે કાળઝાળ ગરમીથી રાહત મેળવવા શ્રમિક લોકો તળાવમાં નાહવા પડતા ડૂબી જતા અનેક લોકોએ જીવ ગુમાવવાનો વારો આવતો હોય છે ત્યારે મોડાસા શહેરને અડીને આવેલા બાડેસર તળાવમાં નજીકની ઝુપડપટ્ટીમાં રહેતા શ્રમીક પરિવારના બે બાળકો તળાવમાં ડૂબી જતા ભારે ચકચાર મચી છે બે બાળકો બાડેસર તળાવમાં ડૂબી જતા ફાયરબ્રિગેડ, ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ,મામલતદાર, સ્થાનિક તરવૈયા ઘટનાસ્થકે પહોંચી બંને બાળકોની શોધખોળ હાથધરી છે શ્રમિક પરિવારે બાળકોના કપડાં અને ચપ્પલ તળાવ કિનારે મળી આવતા ભારે આક્રંદ કરી મૂક્યું હતુ બાડેસર તળાવ નજીક લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી . મોડાસા શહેરના મેઘરજ બાયપાસ રોડ નજીક આવેલા બાડેસર તળાવમાં નજીક ઝુપડપટ્ટીમાં રહેતા શ્રમિક પરિવારના બે બાળકો ગરકાવ થઈ જતા ભારે ચકચાર મચી છે બાડેસર તળાવ નજીક રહેતો શ્રમિક પરિવાર શહેરમાં દવાખાને દવા લેવા જતા ઘરમાં રહેલા ૫ અને ૭ વર્ષના બંને બાળકો બાડેસર તળાવમાં નાહવા પડ્યા હતા શ્રમિક પરીવાર દવાખાને થી ઘરે પરત આવતા બને બાળકો ઘરે જોવા ન મળતા આજુબાજુ તપાસ આદરી હતી બાડેસર તળાવની કિનારીએ બંને બાળકોના કપડાં અને ચંપલ મળી આવતા શ્રમિક પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુંક્યુંહ હતું અને બંને બાળકો પાણીમાં ડૂબી ગયા હોવાની આશંકાએ ફાયર બ્રીગેડ અને સ્થાનીક તંત્રને જાણ કરતા તાબડતોડ ફાયરબ્રિગેડ ટીમ, સ્થાનીક તરવૈયાઓ ઘટનાસ્થળે પહોંચી તળાવમાં બંને બાળકોની ભારે શોધખોળ હાથધરી હતી શ્રમિક પરિવારના બે બાળકો તળાવમાં ડૂબી ગયા હોવાની વાત વાયુવેગે ફેલાતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા

અત્રે ઉલ્લેખનીય છે કે આ સમાચાર લખાઈ રહ્યા છે ત્યાં સુધી બંને લાપત્તા બાળકોનો કોઈ અતોપત્તો મળ્યો નથી બને બાળકોની શોધખોળ માટે હિંમતનગર અને ગાંધીનગર ફાયર બ્રીગેડ અને તરવૈયાની ટીમ પાસે તંત્રએ મદદ માંગી હોવાની માહીતી પ્રાપ્ત થઇ હતી

# સાધના કરવાથી આવનારા વિવિધ સંકટોનો સામનો કરવા માટે બળ મળે છે !



અત્યંત પ્રતિકૂળ હવામાન સાથે સંકળાયેલી ઘટના અને નૈસર્ગિક આપત્તિનું પ્રમાણ દિવસે-દિવસે વધતું જાય છે. હવામાન (આબોહવા)માંના અનિષ્?ટ પાલટ પાછળ માનવીનો હાથ છે, એવો શાસ્?ત્રજ્ઞોનો મત છે. પ્રશ્ન એવો છે કે, કોવિડ ૧૯ અને હવામાનમાંના ફેરફારનો અરસ-પરસ સંબંધ છે ખરો ? માનવી જો યોગ્?ય સાધનાનો આરંભ કરે અને તે નિયમિત કરીને વૃદ્ધિંગત કરે, તો પોતાનામાં, તેમજ પોતાના ફરતે સાત્ત્વિકતા નિર્માણ થાય છે. તેથી વાતાવરણમાં ભલે અનિષ્ટ પાલટ થતા હોય, તો પણ સાધના કરનારાઓને આગામી આપત્?કાળમાં દૈવી સહાયતા મળીને તેમનું રક્ષણ થઈ શકશે, તેમજ સાધના કરનારાને આવનારા વિવિધ સંકટોનો સામનો કરવા માટે બળ મળે છે, એવું પ્રતિપાદન મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલયના શ્રી. શૉન ક્લાર્કે શોધનિબંધ પ્રસ્તુત કરતી વેળાએ કર્યું. તેમણે માંત્રિઅલ, કેનેડા ખાતે થયેલી '૧૪ મી ગ્લોબલ સ્ટડીજ કોન્ફરન્સ : લાઈફ આફટર પેંડેમિક : ટોવર્ડસ એ ન્યૂ ગ્?લોબલ બાયોપોલિટિક્સ ?' નામક અંતરરાષ્?ટ્રીય પરિષદમાં 'કોરોના વિષાણુ અને હવામાનમાંના ફેરફાર આ વિશે આધ્?યાત્?મિક દૃષ્?ટિકોણ – તેનો અરસ-પરસ સંબંધ છે શું અને તે કેવી રીતે ટાળી શકાય ?', આ શોધનિબંધ પ્રસ્તુત કર્યો. 'ગ્લોબલ સ્ટડીજ રિસર્ચ નેટવર્ક એન્ડ કોમન ગ્રાઊંડ રિસર્ચ નેટવર્ક' પરિષદના આયોજક હતા. આ શોધનિબંધના લેખક પરાત્પર ગુરુ ડૉ. આઠવલે છે, જ?યારે શ્રી. શૉન ક્લાર્ક સહલેખક છે.

મહર્ષિ અ?યાત્મ વિશ?વવિદ્યાલયે વૈજ્ઞાનિક પરિષદમાં કરેલી આ ૭૩ મી પ્રસ?તુતા હતી. આ પહેલાં વિશ?વવિદ્યાલયે ૧૫ રાષ્ટ્રીય અને ૫૭ અંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક પરિષદોમાં શોધનિબંધ પ્રસ્તુત કર્યા છે. તેમાંની ૪ અંતરરાષ્ટ્રીય પરિષદોમાં વિશ?વવિદ્યાલયને 'સર્વોત્કૃષ્ટ શોધનિબંધ' પુરસ?કાર પ્રાપ?ત થયા છે.

હવામાનમાંના હાનિકારક ફેરફાર વિશે શું કરી શકીએ ' આ વિશે બોલતી વેળાએ શ્રી. શૉન ક્લાર્કે કહ્યું કે, આ સમસ?યાનું મૂળભૂત કારણ આધ્યાત્મક હોવાથી હવામાનમાંના સકારાત્મક ફેરફાર અને તેનું રક્ષણ એ માટેની ઉપાયયોજના પણ મૂળત: આધ?યાત્મિક સ્તર પર થવી આવશ?યક છે. સંપૂર્ણ સમાજ યોગ?ય સાધના કરવા લાગે, તો હવામાનમાંના હાનિકારક પાલટ, નૈસર્ગિક આપત્તિ, મહામારી, ત્રીજું મહાયુદ્ધ અથવા અન્ય સંકટોને કારણે આગામી ભીષણ આપત્?કાળનો સામનો કરી શકાશે.

# મે માસમાં ભારતમાં આશરે ૧.૫ કરોડથી વધુ લોકો બેરોજગાર બન્યા: પ્રાઇવેટ રિસર્ચ ગ્રુપ

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં કોરોના વાયરસની બીજી લહેરનો કહેર હવે ઓછો થઇ ગયો છે પરંતુ તેને કારણે કરવામાં આવેલા લૉકડાઉનથી દેશની અર્થવ્યવસ્થા ઠપ્પ થઇ ગઇ છે, જેને કારણે કરોડો લોકો પોતાની નોકરી ગુમાવી ચુક્યા છે. એક પ્રાઈવેટ રિસર્ચ ગ્રુપ દ્વારા કરવામાં આવેલા સર્વે અનુસાર આ વર્ષે મે મહિનામાં ભારતમાં આશરે ૧.૫ કરોડથી વધુ લોકોએ પોતાની નોકરી ગુમાવી છે.

જેને કારણે બેરોજગારીના દરમાં વધારો થયો છે. બીજી લહેરને કારણે ગત મહિને મેમાં બેરોજગારી દર ૧૧.૯ ટકા થઇ ગયો જ્યારે તે પહેલા એપ્રિલમાં આ ૭.૯૭ ટકા દર હતો. ગત વર્ષે કરવામાં આવેલા લૉકડાઉન બાદથી આ દર સૌથી વધુ છે. ગત વર્ષે જૂનમાં બેરોજગારી ૧૦.૧૮ ટકા હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી અનુસાર, કામકાજની ઉંમર વર્ગના લગભગ ૧૪.૭૩ ટકા લોકો શહેરી ક્ષેત્રોમાં અને ૧૦.૬૩ ટકા ગ્રામીણ ક્ષેત્રમાં બેરોજગાર થયા છે.

ગત વર્ષએ એપ્રિલમાં કોરોના મહામારીને કારણે દેશભરમાં લગાવવામાં આવેલા લૉકડાઉન દરમિયાન સૌથી વધુ બેરોજગારી દર હતો જ્યારે તેનો દર ૨૩.૫૨ ટકા હતો. જોકે, તે બાદ તે દરમાં આગામી મહિનામાં ઘટાડો થવા લાગ્યો અને મે ૨૦૨૦માં દેશનો બેરોજગારી દર ૨૧.૭૩ ટકા પર પહોચી ગયો.

સીએમઆઈઈ અનુસાર મે મહિનામાં ૩૭.૫૪૫ કરોડ લોકો પાસે રોજગાર છે, જેમાં વિવિધ પ્રકારના અનૌપચારિક કાર્ય સામેલ છે. એપ્રિલમાં ૩૯.૦૭૯ કરોડ લોકોને રોજગાર મળ્યો, જેનો અર્થ એ છે કે મેમાં ૧.૫૩ કરોડથી વધુ નોકરીઓ જતી રહી.

સુત્રો અનુસાર સંક્રમિત થવાનો ડર અને ખરાબ વેક્સીનેશનને કારણે કેટલાક કર્મીઓના મનમાં કામને લઈને ડર વધ્યો જેને કારણે લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટમાં ઘટાડો થયો. એલએફપીઆર કોઈ ખાસ ઉંમર-વર્ગના લોકો દ્વારા કામ કરનારા અથવા સક્રિય રીતે કામની શોધ કરી રહેલા લોકો અને તે ખાસ ઉંમર-વર્ગની કુલ જનસંખ્યાની અનુક્રમિકા છે.

આ રેટમાં ખાસ કરીને ૧૫ વર્ષ અને તેથી ઉપરના લોકોને સામેલ કરવામાં આવે છે. બીજી તરફ બેરોજગારી દર સક્રિય રૂપે કામની તપાસ કરી રહેલા બેરોજગારો અને કુલ શ્રમિક બળ (લેબર ફોર્સ) વચ્ચેનો રેશિયો છે.

# અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને પ્રિ-મોન્સૂન બેઠક યોજાઈ



આગામી ચોમાસા દરમિયાન પૂર, વાવાઝોડું કે અતિવૃષ્ટી જેવી સંભંવિત કુદરતી આફતો સામે પૂર્વ આયોજનના ભાગરૂપે અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને એકશન પ્લાનના અસરકારક અમલીકરણ માટે તાકીદ કરી હતી. કલેક્ટરશ્રીએ જિલ્લા વહીવટીતંત્રના કર્મયોગીઓને કહ્યું કે, કુદરતી આફતમાં કોઈ વ્યક્તિ જીવ ન ગુમાવે એ જોવાની જવાબદારી આપણા સૌની છે.

આમ, તેમણે જિલ્લા વહીવટીતંત્રના કર્મયોગીઓને ઝીરો કેઝ્યૂઅલ્ટી અભિગમથી કામ કરવાનો અનુરોધ કર્યો હતો. જિલ્લા કલેક્ટરશ્રીએ વિવિધ વિભાગોની ચોમાસા પૂર્વેની તૈયારીની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે સંભવિત જોખમવાળા અને નીચાણવાળા ક્ષેત્રોની ઓળખ કરી તે વિસ્તારોમાં અગાઉથી IEC (Information, Education,Communication) પ્રવૃત્તિઓ હાથ ધરવા માટેના દિશાનિર્દેશ આપ્યા હતા. તેમણે નેશનલ હાઈ વે ઓથોરિટી અને રેલવે જેવા વિભાગોને પાણીના વહેણમાં અવરોધરુપ સ્ટ્રક્ચર દૂર કરવા અંગેની વ્યવસ્થા કરવા માટેની સૂચના આપી હતી. આ ઉપરાંત જોખમવાળા ક્ષેત્રોમાં સાઈનેજ બોર્ડ મૂકવા માટેની કામગીરી કરવા જણાવ્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રીએ આફતના સમયે કંટ્રોલ રુમમાં ફરજ બજાવતા કર્મચારીઓને વધુ સંવેદનશીલતા બનાવવા તેમ જ તાલીમબદ્ધ કરવા માટેનું સૂચન પણ કર્યું હતું. કલેક્ટરશ્રીએ કૃષિ વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી કે અતિવૃષ્ટી કે અનાવૃષ્ટીના સંદર્ભે ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે. તેમણે પશુપાલન વિભાગના અધિકારીશ્રીને ચોમાસાના સંદર્ભે પશુના રસીકરણ અંગેની વ્યવસ્થા વિશે પણ સૂચનો કર્યું હતું.

જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અરુણ મહેશ બાબુએ 'ટીમ અમદાવાદ'ને તાઉ તે વાવાઝોડામાં સુંદર કામગીરી કરવા માટે અભિનંદન પાઠવ્યા હતા. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી હર્ષદ વોરા તેમ જ જિલ્લાના અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

લાલજી ચાવડા

## પ્રથમ દિવસે જ ૨૦૯ના ઓનલાઈન બુકિંગ થઈ જતા પ્રવાસીઓ જે પર દોડી આવ્યા

# ૮ જૂન થી સ્ટેચ્યૂ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે પુનઃ ખુલ્લું મુકાયુ,કોરોનાને કારણે સ્ટેચ્યુના પ્રવાસન વિભાગને થયું હતું લાખોનું નુકશાનં


રાજપીપલા, તા૮

લાંબા સમયના લોકડાઉનમા બંધ રહેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી આજથી પ્રવાસીઓ માટે પુનઃ ખુલ્લું મુકવામાં આવતા પ્રવાસીઓ આજે કેવડિયા ઉમટી પડ્યા હતા.જો કે હવે ઓનલાઈન બુકિંગથી ટિકિટ મળવાનું શરૂ થતા ઘણા વખતથી બંધ પડેલા નાના મોટા રોજગાર ધંધાને જીવતદાન મળ્યું હતું.લોક ડાઉનમાં કોરોનાને કારણે સ્ટેચ્યુના પ્રવાસન વિભાગને લાખોનું નુકશાનથયું હતું . ત્યારે હવે પ્રવાસીઓના આગમન થી રેંકડી લારી ગલ્લા વાળાઓના ધંધા રોજગાર શરૂ થતા રોજગારીનો નવો વિકલ્પ ખુલ્યો છે.ખાસ કરીને ટેન્ટ સીટી અને હોટલોના માલિકો પણ હવે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવેતે માટે તૈયારીઓ શરૂ કરી દીધું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કોરોનાની બીજી લહેરને કારણે સ્ટેચ્યૂ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવ્યું હતું.હવે ૮મી જૂનથી પ્રવાસીઓ માટે ખુલ્લું મુકાતા તંત્રએપણ તમામ તૈયારીઓ પણ પૂર્ણ કરી દીધી છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી સાથે જે જંગલ સફારી પાર્ક, ચિલ્ડ્રન પાર્ક અને રમાડા હોટલ ટેન્ટ સિટી સહીત અનેક પ્રોજેક્ટોઆજથી ખુલ્લા મુકાયા હતા.

ટેન્ટ સિટી અને હોટલોના માલિકો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ગત વર્ષે પણ કોરોનાને કારણે લાખો રૂપિયાનું નુકશાન થયું હતું અને હાલ ચાલુ વર્ષે પણ નુકશાન થયું છે. ત્યારે હવે ટેન્ટ સીટી અને હોટલોના માલિકો પણ હવે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે એવી આશા છે. ઓનલાઈન બુકિંગ સાઈડ ખૂલતાં જ પ્રવાસીઓએ બુકિંગ શરૂ કરતા બુકીંગ વધી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે રાજયભરમાં કોરોનાની બીજી લહેરમાં કેસ વધતા થોડા સમય માટે સરકાર જાહેર સ્થળો બંધ કરવાનો નિર્ણય લીધો હતો. જેૈ વહીવટ તંત્ર દ્વારા ટિકિટ બુકિંગ લેવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું, પરંતુ હવે મ ૮ તારીખ થી સ્ટેચ્યૂ ઓફ યુનિટી ફરીથી ઓન લાઈન ટિકિટ બુકિંગ શરૂ થઈ જતા સુમસામ સ્ટેચ્યુ પરિસર ચેતનવંતુ બન્યું હતું.

છેલ્લા ૬ મહિનાથી સ્ટેચ્યૂ બંધ રહ્યું હતુંઆ સાથે છેલ્લા કેટલા સમયથી ડરના માહોલમાં રહેલા લોકો મન હળવું કરવા પ્રવાસન સ્થળો પર આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા કોરોનાંનો કહેર ન હતો ત્યારે રોજના ૧૦ થી ૧૫ હજાર પ્રવાસીઓ આવતા હતા પણ ગત માર્ચ મહિનામાં કોરોનાંની પ્રથમ લહેરના કારણે લગભગ ૬ મહિના સ્ટેચ્યુ બંધ રહયું હતું બીજી લહેર માર્ચ ૨૦૨૧ માં આવી ત્યારે આ વખતે ખુલ્લું રાખવામાં આવ્યું હતું પણ પ્રવાસીઓ નામ માત્ર આવતા હતા ત્યાર બાદ બંધ કરવામાં આવ્યું હતું પણ હવે પૂનઃ પ્રવાસીઓ આવતા ૮ જૂન થી ફરી સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને અન્ય આકર્ષણ પ્રવાસીઓ માટે ખુલ્લા મુકવામાંઆવ્યાછે.



પરંતુ હજુય પ્રવાસીઓ માટે સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવું ફરજીયાત છે આ વર્ષે કોવિડ ના કેસ વધતા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કોરોના ટેસ્ટ ફરજિયાત કરી દેવાયો હતો. કારણ કે આ વર્ષે બીજી લહેરમાં જે માર્ચ મહિના પછી નો સમયગાળો હતો એમાં કોરોના ના કેસો ખુબ જ વધતા હતા તેમાં એપ્રિલથી જેના કારણે કોરોના નો ટેસ્ટ ફરજીયાત કરાયો હતો .સ્ટેચ્યુ ઓફ યુનિટી વ્યુઈંગ ગેલેરીમાં જવા માટે ટિકિટ મર્યાદિત કરવામાં આવી હતી.અને એક દિવસમાં માત્ર ૨૦૦ જ પ્રવાસીઓને વ્યુઈંગ ગેલેરી જોવાનું અગાઉ સ્ટેચ્યુ ઓફ યુનિટી પર મર્યાદિત પણ કરાયું હતું .પરંતુ હવે સ્ટેચ્યુ ઓફ ઓફ યુનિટીની વ્યૂઈંગ ગેલેરી જોવાની જે ટિકિટ છે એનો કુલ ૭૦૦૦ ટિકિટનો સ્લોટ કરી દેવામાં આવ્યો છે સાથે સાથે જે સ્ટેચ્યુ ઓફ યુનિટી નું અંદર જવાની ટિકિટ અનલિમિટેડ છે.

આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટેની ૩૮૦ રૂપિયાની કિમતની ૧૬૫ પ્રવાસીઓ વ્યુઈંગ ગેલેરી જોવાની ટિકિટ ઓન લાઈન બુકિંગ કરાવી છે અને વ્યુઈંગ ગેલેરી જોવાની ૧૦૩૦ રૂપિયા ની કિમતની એકસપ્રેસ ટિકિટ ૨૨ જેટલા પ્રવાસીઓએ બુકિંગ કરાવી દીધું છે

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## બુટલેગરો પર અરવલ્લી પોલીસ ભારે પડી

# આંબલીયારા,માલપુર,મેઘરજ,શામળાજી પોલીસે ૪ વાહનોમાંથી લાખ્ખો રૂપિયાનો દારૂ ઝડપ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાના માર્ગો પરથી અવનવા પ્રકારે વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવે છે જીલ્લા પોલીસવડા સંજય ખરાતે બુટલેગરો સામે લાલ આંખ કરતા જીલ્લા પોલીસતંત્રને જીલ્લામાં પ્રોહિબિશનની કામગીરી માટે શખ્ત આદેશ આપતા હાલ પોલીસની કામગીરી જોઈને બુટલેગરો પણ સચેત બન્યા છે જીલ્લાની આંતરરાજ્ય સરહદો અને માર્ગ પરથી બુટલેગરો જુદા જુદા વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડવા અવનવા કીમિયા અપનાવી રહ્યા છ

જીલ્લાના આંબલીયારા,માલપુર,મેઘરજ અને શામળાજી પોલીસે ૪ વાહનોમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપી પાડી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવ્યું હતુ જીલ્લા પેરોલ ફર્લો ટીમે ધનસુરા ચોરીના ગુન્હામાં વોન્ટેડ આરોપી રાજુ ગોધાને દબોચી લઇ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતા. આંબલીયારા પીએસઆઈ રૂપલ ડામોર અને તેમની ટીમે ભૂંડાસણ પાટિયા નજીકથી બાતમીના આધારે સ્વીફ્ટ કારમાંથી ૧.૦૪ લાખનો વિદેશી દારૂ અને કાર સહીત ૩.૦૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વરદીચંદ લોગરજી ડાંગી અને રોડીલાલ રામજી ગાયરી નામના બે રાજસ્થાની બુટલેગરોને દબોચી લીધા હતા.માલપુર પીઆઈ એફ.એલ.રાઠોડ પોલીસ સ્ટાફ સાથે સઘન પેટ્રોલિંગ દરમિયાન ગોવિંદપુર ગામ નજીકથી પસાર થતી શંકાસ્પદ સ્વીફ્ટ ડિઝાયરને અટકાવી તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂ રૂ.૭૦૮૦૦/- તેમજ મોબાઈલ-૩ અને સ્વીફ્ટ ડિઝાયર કાર મળી કુલ રૂ.૫.૮૨ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આણંદ ઓડના સમીર સત્તારવ વોરા, આસોદરના હરેશ જયંતીભાઈ પટેલ અને ઉમેશ જયંતિભાઈ પટેલને ઝડપી લીધા હતા

મેઘરજ પોલીસે ઉંડવા ચેકપોસ્ટ પરથી પીકઅપ ડાલામાં વિદેશી દારૂની ૩૦ પેટી ભરી ગુજરાતમાં પ્રવેશતા રાજસ્થાન ઉદેપુર વિસ્તારના રતનસિંહ નારસિંહ ખરવર,ગણેશજી ઉર્ફે રામસિંહ પ્રેમસિંહ ખરવર,અને વાઘસિંહ દોલસિંહ ખરવરને ઝડપી પાડી વિદેશી દારૂ અને પીકઅપ ડાલુ મળી કુલ રૂ.૪.૫૨ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પરથી રાજસ્થાન તરફથી આવતી લોડીંગ રિક્ષાના ગુપ્ત ખાનામાંથી ૬૭ હજારથી વધુનો વિદેશી દારૂ અને રીક્ષા મળી કુલ રૂ.૧.૧૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી અમદાવાદ વીરાટનગર કૃષ્ણપાર્કમાં રહેતા કીરણ શાંતીલાલ ખટીકની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.જીલ્લા પેરોલ ફર્લો ટીમના પીએસઆઈ કે.એસ.સીસોદીયા અને તેમની ટીમે ધનસુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોર કરી પોલીસને હાથતાળી આપી રહેલા રાજસ્થાનના રાજુ મોતીલાલ ઉર્ફે માતીયા ગોધાને ધનસુરા શીકા ચોકડી નજીક થી ખાનગી વાહનમાં મુસાફરી કરતો દબોચી લઇ કાયદેસરની કાર્યવાહી હાથધરી ધનસુરા પોલીસને સુપ્રત કર્યો હતો

# રાજપીપલા વિસ્તારની ડ્રીપ ચોરીના ગુનાના કામે સંડોવાયેલ ૪ આરોપીઓ પાસામા ધકેલાયા

## પાસા હેઠળ આરોપીઓને કચ્છ ભુજ, ભાવનગર, પાલનપૂર, જૂનાગઢની જેલમા ધકેલાયા

રાજપીપલા, તા ૮

રાજપીપલા વિસ્તારની ડ્રીપ ચોરીના ગુનાના કામે સંડોવાયેલ કુલ-૪ આરોપીઓ પાસા મા ધકેલી આરોપીઓને કચ્છ ભુજ, ભાવનગર, પાલનપૂર, જૂનાગઢની જેલમા ધકેલી દેવામાં આવ્યા છે.

નર્મદા જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ ના માર્ગદર્શન અને સુચના મુજબ જીલ્લામાં અસામાજીક તત્વો વિરૂધ્ધ સખત અટકાયતી પગલા લેવાની સુચના અને માર્ગદર્શન અનુસંધાને પો.ઈન્સ રાજપીપલા દ્વારા રાજપીપલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખેતીના કામે વાપરવામાં આવતી ડ્રીપ એરીગેશનની પાઈપ ચોરીના ગુનામા સંડોવાયેલ ૪આરોપીઓ ઝડપાયા હતા. એ તમામ કુલ-૪ આરોપીઓની પ્રવૃતિને ડામવા સારૂ પાસાની દરખાસ્ત કરી જીલ્લા મેજીસ્ટ્રેટને મોકલવામાંઆવી હતીજેમાં જીલ્લા મેજીસ્ટ્રેટે આ ચારેય આરોપીઓની પ્રવૃતિને ડામવા સારૂ પાસા ધારા હેઠળ ડીટેઇન કરવા સારૂ વોરંટ ઇશ્ય કરતા એ.એમ.પટેલ, પો.ઈન્સ. એલ.સી.બી. તથા એલ.સી.બી સ્ટાફના પોલીસ માણસોએ આ ગુનાના કામે પાસા મંજુર કરવામાં આવેલ આરોપીઓ પૈકી (૧) યોગેશભાઇ અશોકભાઇ તડવી (રહે. લાછરસ તા.નાંદોદ)ને પાસાના કામે તા.૦૫/૦૬/ ૨૦૨૧ ના રોજ ડીટેઇન કરી જરૂરી પોલીસ જાપ્તા સાથે કચ્છ-ભુજ જીલ્લા જેલ ખાતે મોકલી આપવામાં આવેલ આવેલ. (૨) મનેષભાઈ રૂસ્તમભાઈ વસાવા (રહે. સુર્યપ્લાઝાની સામે, વજનકાંટા કમ્પાઉન્ડ, રાજપીપલા મુળ રહે. ઉભારીયા તા.સાગબારા)ને પાસાના કામે તા.૦૫/૦૬/૨૦૨૧ના રોજ ડીટેઇન કરી જરૂરી પોલીસ જાપ્તા સાથે ભાવનગર જીલ્લા જેલ ખાતે સુપ્રત કરવામાં આવેલ. (૩) આકાશભાઇ ઉર્ફે અજ્જુ દિપીપભાઇ વસાવા (રહે. વડીયા નિશાળ ફળીયુ, તા.નાંદોદ) ને પાસાના કામે તા.૦૫/૦૬/ ૨૦૨૧ના રોજ ડીટેઇન કરી જરૂરી પોલીસ જાપ્તા સાથે જુનાગઢ જીલ્લા જેલ ખાતે સુપ્રત કરવામાં આવેલ. (૪) ઉર્વિતભાઇ કાનજીભાઇ વસાવા (રહે. અણીજરા તા.નાંદોદ)ને પાસાના કામે તા.૦૫/૦૬/૨૦૨૧ના રોજ ડીટેઇન કરી જરૂરી પોલીસ જાપ્તા સાથે પાલનપુર જીલ્લા જેલ ખાતે સુપ્રત કરવામાં આવેલ. પોલીસ અધિક્ષક નર્મદએ અસામાજીક પ્રવૃતિ કરતા ઈસમો સામે સખત અટકાયતી પગલા લેવાની સુચના અનુસંધાને નર્મદા પોલીસ આવી અસામાજીક પ્રવૃતિ કરતા ઈસમોની પ્રવૃતિ ડામવા માટે સતત અને સખત અટકાયતી પગલા લેવા કટીંબધ્ધ હોવાનું જણાવ્યું હતું.

:જ્યોતિ જગતાપ, રાજપીપલા

# પીએમ કાર્ડ યોજના હેઠળ DRDO દ્વારા વધુ એક ઓક્સિજન પ્લાન્ટની નર્મદા જિલ્લાને ભેટ



રાજપીપલા,તા ૮

વૈશ્વિક કોરોનાની મહામારીને અનુલક્ષીને કોરોનાના સંક્રમણને ઘટાડવાની સાથોસાથ નર્મદા જિલ્લાના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્યલક્ષી સુવિધાઓ વિસ્તારવા જિલ્લા કલેક્ટર ડી.એ.શાહની રાહબરી અને માર્ગદર્શન હેઠળ જિલ્લા પ્રશાસન દ્વારા હાથ ધરાયેલા પ્રયાસોના ભાગરૂપે નર્મદા જિલ્લા મથકે રાજપીપલામાં આયુર્વેદિક કોલેજ ખાતે કાર્યરત કોવિડ-૧૯ હોસ્પિટલ માટે PM Care Fund હેઠળ DRDO દ્વારા નવા ઓક્સિજન પ્લાન્ટની સામગ્રીની રાજપીપલા કોવિડ હોસ્પિટલ ખાતે ડિલીવરી મળી જતાં નર્મદા જિલ્લાને વધુ એક મોટા ઓક્સિજન પ્લાન્ટની આજે ભેટ મળી હોવાની જાણકારી કોવિડ-૧૯ હોસ્પિટલના નોડલ અધિકારી, CDMO અને સિવીલ સર્જન ડૉ. જ્યોતિબેન ગુપ્તા તરફથી પ્રાપ્ત થઇ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, PM Care`s Fund હેઠળ DRDO તરફથી પ્રાપ્ત થયેલ આ ઓક્સિજન પ્લાન્ટ દૈનિક ૧.૮૭ મેટ્રીક ટન ઓક્સિજન ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે. એટલે રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલમાં ઓક્સિજનવાળા ૭૦ જેટલા બેડને અવિરત ઓક્સિજનની જરૂરીયાત પૂરી પાડી શકાશે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## અરવલ્લી ભાજપમાં ડખો

# જીલ્લા પ્રમુખ રાજેન્દ્ર પટેલ મનમાની કરતા હોવાનો આક્ષેપ ધનસુરા ભાજપ મહામંત્રીએ લગાવ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ભારતીય જનતા પાર્ટીને કેડરબેઝ કે શિસ્તબદ્ધ પાર્ટી ગણવામાં આવે છે. પરંતુ ૨૦૧૪માં નરેન્દ્ર મોદી ગુજરાતની ગાદી છોડી દિલ્હી ગયા બાદ ગુજરાતમાં ભાજપની પ્રતિષ્ઠા ધોવાયાના હોવાના અનેક બનાવો સમયાંતરે બહાર આવતા રહે છે. ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ હોદ્દો મળ્યા પછી મનમાની કરતા હોવાનો આક્ષેપ લગાતાર ઉઠી રહ્યા છે રાજ્યમાં છાસવારે ભાજપના મંત્રીથી લઇ સંત્રી સામે લેટર બૉમ્બ બહાર આવતા હોય છે ત્યારે અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ સામે ધનસુરા તાલુકાના મહામંત્રી નરેન્દ્ર પટેલે મનસ્વી રીતે વર્તી રહ્યા હોવાની સાથે કોંગ્રેસના સંકલનમાં રહી કામગીરી કરતા હોવાના આક્ષેપ સાથે પ્રદેશ મહામંત્રી અને જીલ્લા પ્રભારી મંત્રીને લેખીત રજુઆત કરી હોવાનો પત્ર સોશ્યલ મીડિયામાં વાયરલ થતા જીલ્લા ભાજપના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે



આમ તો ભાજપ શિસ્તબદ્ધ પાર્ટી હોવાના બણગા ફૂંકતી હોય છે, પરંતુ ભાજપના જ નેતાઓ શિસ્તના લીરેલીરા ઉડાવતા હોય તેવા બનાવો એક પછી એક સામે આવી રહ્યા છે. અરવલ્લી ભાજપમાં આંતર કલહ સામે આવ્યો છે. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ મનમાની કરતા હોવાનો આક્ષેપ લાગ્યો છે.અરવલ્લી ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ કોંગ્રેસના સંકલનમાં હોવાનો અને ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી લડવા માંગતા હોય તે રીતે તેમના માણસોને ગોઠવી રહ્યા છે અને પાયાના કાર્યકરોની અવગણના કરવામાં આવતી હોવાનો પણ આક્ષેપ ધનસુરા તાલુકા ભાજપના મહામંત્રીએ લગાવ્યો છે.

ધનસુરા તાલુકા ભાજપ મહામંત્રી નરેન્દ્ર પટેલે જીલ્લા ભાજપ પ્રમુખ વિરુદ્ધ સનસનાટી ભર્યો આક્ષેપ કરવાની સાથે પ્રદેશ મહામંત્રીને પત્ર લખી જાણ કરી છે જેમાં જીલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ તમારાથી થાય એ કરી લેવું ત્રણ વર્ષ માટે જિલ્લાનો હું જ બોસ છું પ્રદેશમાં રજુઆત કરવી હોય તો કરી શકો છો મને કોઈ ફર્ક પાડવાનો નથી પત્રમાં જે આક્ષેપ કરવામાં આવ્યા છે તેના પરથી અનેક સવાલો ઉઠી રહ્યા છે. શું આવી દાદાગીરી જીલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ કાયમ કરે છે....? શું જીલ્લા સંગઠન પ્રદેશ નેતાગીરીના કહ્યામાં નથી? પત્રમાં જે આક્ષેપ કરવામાં આવ્યા છે તેના પરથી અનેક સવાલો ઉઠી રહ્યા છે.

## વૃદ્ધ વિધવા મહિલાને ન્યાય અપાવતી નિર્ભયા સ્કવોર્ડ

# રસેલા ગામનાં ૭૦ વરસના વૃદ્ધ વિધવા મહિલા સાથે કલિયુગના શ્રવણનું પરાક્રમ

રાજપીપલા, તા ૮

રસેલા ગામનાં ૭૦ વરસના વૃદ્ધ વિધવા મહિલા સાથે કલિયુગના શ્રવણે પોતાની સગીમાનેદીકરાએ જમીન કબજે કરવાનાં ઈરાદાપૂર્વક ગાયો-ભેંસોને બાંધી માતાને માનસિક ત્રાસ આપી માર મારવાની ફરિયાદ કરતા નિર્ભયા સ્કવોર્ડ ત્યાં પહોંચી જઈ જમીનનો કબજો માતાને અપાવી ન્યાય અપાવ્યો હતો.

નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા નાયબ પોલીસ અધિક્ષક ચેતના ચૌધરીની સુચના પ્રમાણે જિલ્લામાં કાર્યરત નિર્ભયા ટિમનાં ઈન્ચાર્જ પી.એસ. આઈ કે.કે.પાઠકના નેતૃત્વમાં રસેલા ગામનાં ૭૦ વરસના વૃદ્ધ વિધવા મહિલા પ્રતાપબેન ચંદ્રસિંહ બોડાણા રાજપીપળા નિર્ભયા ટીમ પ્રભાબેન ગોહિલ અને રેખાબેન ચૌધરીને એક અરજીદ્વારા ફરિયાદ આપેલ કે મારો નાનો દિકરો મનહરભાઈ ચંન્દ્રસિંહ બોડાણા મારા ઘરના ફળિયામા જમીન કબજે કરવાનાં ઈરાદાપૂર્વક ગાયો-ભેંસોને બાંધેલ. તેમજ અપશબ્દો બોલી માનસિક ત્રાસ આપેલ તથા માર મારતો હતો.જે બાબતે નિર્ભયા ટીમે તપાસ કરતાં અરજી સાચી જણાતા ઘટના સ્થળે પહોંચતા તેમનાં ઘરની જગ્યા પરત અપાવેલ છે. તથા આરોપી મનહરભાઈ બોડાણા વિરૂદ્ધ ગૂનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહિલાને જમીનનો કબ્જો આપવી ન્યાય અપાવ્યો હતો. આ અંગે પીએસઆઈ કે કે પાઠકે જણાવ્યુંહતું કે હાલ લોકડાઉનમાં ઘરેલું હિંસા, માનસિક ત્રાસ તથા અન્ય હેરાનગતિના કિસ્સા વધી જતાં આવાં સમયે નિર્ભયા ટીમની કામગીરી આશીર્વાદરૂપ પુરવાર થઇ છે. પ્રોજેક્ટ નિર્ભયા મંગલમ યોજના હેઠળ તમામ થાણા વિસ્તારમાં રહેતી એકલી મહિલાઓને તેમજ વરિષ્ઠ નાગરિકોનાં ઘરેઘરે જઈને નિર્ભયા સ્કોડની બહેનો સિનિયર સિટીઝનને મળતા લાભો જેવા કે વૃદ્ધા પેંશન, વિધવા પેંશન સ્કિમ વિશે સમજાવે છે. અને જો કોઈ પણ સિનિયર સિટીઝન આવા લાભથી વંચિત હોઈ તો તેવા સિનિયર સિટીઝનને લાભ અપાવવાં માટે નિર્ભયા ટીમ સતત કાર્યરત છે.

જયોતિ જગતાપ, રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.